જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૦૭-૦૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । અંક : ૨૭ । પાના : ૧૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કેન્દ્ર સરકારનો સુપ્રિમ કોર્ટમાં ધડાકો, આંતરિક તપાસ ચાલુ હોવાનો દાવો

રક્ષા મંત્રાલયમાંથી રાફેલ વિમાનના સિક્રેટ દસ્તાવેજોની ચોરી

ન્યુ દિલ્હી

રાફેલ મામલે સુપ્રીમ કોર્ટમાં આજની સુનાવણી પૂરી થઈ છે. હવે આ મામલે આગામી સુનાવણી ૧૪ માર્ચના રોજ બપોરે ૩ વાગે હાથ ધરાશે. સુપ્રીમ કોર્ટમાં રાફેલ ડીલ મામલે દાખલ થયેલી પુર્નઅરજીઓ પર આજે જે સુનાવણી થઈ તેમાં અટોર્ની જનરલ કે કે વેણુગોપાલે કેટલાક ગંભીર તથ્યો કોર્ટસમક્ષ રજુ કર્યા. તેમણે કોર્ટને જણાવ્યું કે કેટલાક લોક સેવકો દ્વારા મામલા સંબંધિત મહત્વના દસ્તાવેજો ચોરાયા અને અખબારમાં પ્રકાશિત કરાયા. આ મામલે તપાસ ચાલુ છે.

તેમણે કહ્યું કે ફાઈલ નોટિંગ ન્યાયિક નિર્ણયનો વિષય હોઈ શકે નહીં. અખબારોને રાફેલ સંબંધિત દસ્તાવેજો કોણે આપ્યા છે, તેના પર તપાસ ચાલુ છે. અમે અપરાધિક કાર્યવાહી કરીશું. આ બધા ખુબ મહત્વના દસ્તાવેજો છે. જો કે કોર્ટદ્વારા તેની તપાસ થવી જોઈએ નહીં. તેમણે કોર્ટને જણાવ્યું કે અમે આ કેસમાં ઓફિશિયલ સિક્રેટ એક્ટર હેઠળ તપાસ કરવા અંગે વિચારી રહ્યાં છીએ.

અટોર્ની જનરલે દલીલ કરતા MiG21નો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આટલું જૂનું, ઓલ્ડ જનરેશનનું વિમાન હોવા છતાં તેને સારું પરફોર્મન્સ આપ્યું છે અને હાલની ઘટના (પુલવામા)થી સ્પષ્ટ છે કે આપણે કેટલા નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છીએ. જ્યારે બાકીના દેશો પાસે ૬ ૧૬ જેવા એરક્રાફ્ટ છે, આપણી પાસે પણ હોવા જોઈએ. જસ્ટિસ જોસેફે કહ્યું કે જો પુરાવા ચોરાયા હોય, અને કોર્ટને લાગે છે કે પુરાવા મહત્વપૂર્ણ છે તો કોર્ટ તેના પર વિચાર કરી શકે છે.



જસ્ટિસ જોસેફે કહ્યું કે પરંતુ જો ભ્રષ્ટાચારની તપાસની માગણી કરવાનમાં આવી રહી છે તો તમે રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપીને બચી શકો નહીં. અટોર્ની જનરલે કહ્યું કે દરેક વાતની ન્યાયિક સમીક્ષા થઈ શકે નહીં. શું અમારે કોર્ટને એ પણ બતાવવું પડશે કે યુદ્ધ કેમ થયું. શાંતિનો નિર્ણય કેમ લેવાયો. કોર્ટે અરજીકર્તાઓને દસ્તાવેજો મેળવવાની રીત પણ પૂછે. જો રીત યોગ્ય લાગે તો જ સુનાવણી કરે.

રાફેલ ડીલ મામલે દાખલ થયેલી પુર્નઅરજીઓ પર સુનાવણી દરમિયાન પ્રશાંત ભૂષણે ડીલ અંગે સંરક્ષણ મંત્રાલયના તે ફાઈલ નોટિંગને રજુ કર્યું જેને હિન્દુ અખબારે છાપ્યું હતું. પરંતુ એટોર્ની જનરલે તેના પર આપત્તિ વ્યક્ત કરી અને કહ્યું કે તે ચોરી થયેલું છે અને તપાસ ચાલુ છે. આ અંગે કેસ કરાશે. કોર્ટે એટોર્ની જનરલને કહ્યું કે તેઓ લંચ બાદ કોર્ટને જણાવે કે જો હિન્દુ અખબારમાં અહેવાલ ૮ ફેબ્રુઆરીએ પ્રકાશિત થયો હતો તો ત્યારબાદ શું કાર્યવાહી કરવામાં આવી? AGએ સંરક્ષણ મંત્રાલયના નોટને સંજ્ઞામાં લેવાનો વિરોધ કર્યો અને કહ્યું કે આ એક ગોપનીય દસ્તાવેજ છે.

અરજીકર્તા પ્રશાંત ભૂષણે કહ્યું કે રજી, કોલસા કૌભાંડની તપાસ પણ આ રીતે થઈ હતી. મને કોઈ સૂત્ર પાસેથી દસ્તાવેજો મળ્યા હતાં, મેં અરજી દાખલ કરી. ત્યારે તો આ સવાલ નહતો ઉઠ્યો કે દસ્તાવેજો ક્યાંથી આવ્યાં. અટોર્ની જનરલે કહ્યું કે ધ હિન્દુ અને એએનઆઈ પાસે જે દસ્તાવેજો છે, તે ચોરી થયા હતાં. સીજેઆઈએ કહ્યું કે શું સંરક્ષણ મંત્રાલયના સંબંધિત વિભાગના પ્રમુખ આ વાત જણાવીને સોગંદનામું રજુ કરશે. અટોર્ની જનરલે કહ્યું કે હું આવતી કાલ સુધીમાં સોગંદનામુ જમા કરાવી દઈશ.

પાકિસ્તાનીઓ પર ટ્રમ્પ સરકારની સ્ટ્રાઈક

હવે અમેરિકા પાકિસ્તાની નાગરિકોને પાંચ વર્ષના નહીં માત્ર ત્રણ મહિનાના વિઝા આપશે

નવા આદેશ પ્રમાણે વર્ક વિઝા, જર્નાલિસ્ટ વિઝા, ટ્રાન્સફર વિઝા, ધાર્મિક વિઝાની ફીમાં પણ વધારો કરવામાં આવ્યો

વૉશિંગ્ટન

પુલવામામાં થયેલા આતંકી હુમલા બાદ દુનિયાભરમાં ઘેરાયેલા પાકિસ્તાનને વધુ એક ઝાટકો લાગ્યો છે. અમેરિકા એ તેમના દેશમાં આવનારા પાકિસ્તાની નાગરિકોને મળનાર વીઝાનો સમયગાળો ઘટાડી દીધો છે. પહેલાં પાકિસ્તાની નાગરિકોને જે ૫ વર્ષના વીઝા મળતા હતા, હવે તેની સમય મર્યાદા ઘટાડીને ૧૨ મહિના કરી દીધી છે.

પાકિસ્તાની અખબાર ધ ટ્રિબ્યુનના મતે પાકિસ્તાનમાં હાજર અમેરિકન રાજદૂતે આ વાતની માહિતી સરકારને આપી દીધી છે. મળતી માહિતી પ્રમાણે નવા નિયમોમાં પાકિસ્તાની પત્રકાર અને મીડિયાપર્સન માટે વધુ મુશ્કેલી છે. તેમને મળનાર વીઝાનો સમયગાળો ૩ મહિના કરી દીધો છે. એટલું જ નહીં અમેરિકાએ વીઝાની સમય મર્યાદા ઘટાડવાની સાથો સાથ વીઝા માટે આપવી પડતી ફી પણ વધારી દીધી છે. એટલે કે જો કોઈ પાકિસ્તાની નાગરિક અમેરિકા જવા માંગે છે તો તો એક વખતમાં તે ૧૨ મહિનાથી વધુ સમય રહી શકશે નહીં, જો તેને વધુ સમય સુધી ત્યાં રહેવું હોય તો તેને પાછું પાકિસ્તાન આવવું પડશે અને વીઝાને રિન્યુ કરાવા પડશે. નવા આદેશ પ્રમાણે વર્ક વીઝા, જર્નાલિસ્ટ વીઝા, ટ્રાન્સફર વીઝા, ધાર્મિક વીઝા માટે ફીમાં વધારો કરાયો છે. તેના માટે અત્યારે જે પણ વીઝા છે તેમાં ૩૨ થી ૩૮ ડોલર સુધીનો વધારો કરાયો છે. એટલે કે જો હવે કોઈ પાકિસ્તાની પત્રકાર અમેરિકા જવા માંગે છે તો તેને વીઝા અપ્લાય કરવા માટે ૧૯૨ ડોલર આપવા પડશે જ્યારે કેટલીક બીજી કેટેગરીમાં ૧૯૮ ડોલર ફી થઈ છે. અમેરિકા દ્વારા રજૂ કરાયેલા આંકડા પ્રમાણે ૨૦૧૮મા અંદાજે ૩૮૦૦૦ પાકિસ્તાનીઓને USના વીઝા આપવાની ના પાડી દીધી હતી.

ચૂંટણી પ્રચારમાં પ્લાસ્ટિકના બેનર, પોસ્ટર પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી

ચૂંટણીપંચે આવનારી લોકસભા ચૂંટણીમાં ચૂંટણી પ્રચાર પ્લાસ્ટિકના બેનર, પોસ્ટર, હોર્ડિંગ, અને કટઆઉટ લગાવા પર પ્રતિબંધ લગાવામાં આવ્યો છે. પંચે કહ્યું છે કે જો ઉમેદવાર તેનો પ્રયોગ કરતા જોવા મળ્યા તો તેની પાસેથી આ અંગેનો ખર્ચ વસુલવામાં આવશે.

ભારત નિર્વાચિન આયોગે દરેક માન્યતા પ્રાપ્ત રાજય અને રાષ્ટ્રીય રાજનૈતિક દળોને પત્ર લખીને તેની સૂચના આપી દીધી છે. આ સુચના દરેક રાજયોને મુખ્ય નિર્વાચિન અધિકારીઓ અને જિલ્લા નિર્વાચિન અધિકારીઓને મોકલવામાં આવી છે. પંચે કહ્યું છે કે ચૂંટણી પર્યાવરણ અનુકૂળ બનાવાની જરૂરિયાત છે. પ્લાસ્ટિકના બેનર અને પ્રચાર સામગ્રી ચૂંટણી બાદ જેવી રીતે માર્ગો પર પડી રહેતી હોય છે તે પર્યાવરણ વિરુદ્ધ છે અને લોકોના સ્વાસ્થ્ય પર તેની અસર ખરાબ થાય છે. તે પ્લાસ્ટિક પીવીસીની બની હોય છે તો સળગી જવા પર ખતરનાક ધુમાડો હવામાં ફેલાય છે.

'પદ્ધ' શબ્દ સાંભળતા જ કોંગ્રેસ વાળાઓની ઉંઘ ઉડી જાય છે: મોદી

કલબુર્ગી

વડાપ્રધાન મોદી આજે કર્ણાટકના કલબુર્ગીમાં પહોંચ્યા હતા. અહીં રાયચૂરના ભારત પેટ્રોલિયમ ડેપો અને બેંગલુરુના ઈએસઆઈસી મેડિકલ કોલેજનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જનસભામાં મોદીએ કહ્યું કે, આજે કર્ણાટક માટે રૂ. ૧,૦૦૦ કરોડની પરિયોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. પહેલાં રાયચૂરમાં માત્ર અઢી એકર જમીનમાં પેટ્રલો ડેપો ફેલાયું હતું હવે તેનું પદ્ધ એકરથી વધારે જમીનમાં વિસ્તરણ થયું છે. પદ્ધ શબ્દ સાંભળતા જ કોંગ્રેસ વાળાઓની ઉંઘ ઉડી જાય છે. રેલીમાં મોદીએ કહ્યું કે, ગઈ વખતે ચૂંટણી વખતે તમારી વચ્ચે આવ્યો હતો. ત્યારે તમને કહ્યું હતું કે, સામાન્ય જનતાના વિકાસમાં કોઈ કસર બાકી નહીં રાખું. જ્યારથી તમે પ્રધાન સેવકને દાયિત્વ સોંપ્યું છે ત્યારથી કેન્દ્ર સરકાર કર્ણાટક માટે ઘણાં કામ કરી રહી છે. કોંગ્રેસે કલબુર્ગી સાથે જોડાયેલી ઘણી યોજનાઓને વર્ષો સુધી લટકાવીને રાખી હતી તેને અમારી સરકારે પૂરી કરી છે. કલબુર્ગી રેલ લાઈનને અમારી સરકારે સમર્પિત કરી છે. ઘણાં નેશનલ હાઈવેને મોટા કર્યા છે. મોદીએ કહ્યું, મેં ખેડૂત સન્માન નિધિનો પહેલો હપતો પણ આપી દીધો છે. તે ૧.૫ કરોડ ખેડૂતોને મળી પણ ગઈ છે. જેમને માત્ર રાજકારણ કરવું છે તેમનો ખેડૂતોનું ભલુ કરવાનો કોઈ ઈરાદો નથી. અમુક રાજ્ય સરકારોને લાગે છે કે, તેમની હાજરીમાં જો ખેડૂતોના ખાતામાં રૂ. ૨,૦૦૦ પહોંચી ગયા તો લોકો મોદી-મોદી કરવા લાગશે. અને તેથી કર્ણાટકની સરકાર અહીંની નજતા સાથે દગો કરીને તેમને આ યોજનાનો લાભ નથી આપતી.

MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો

ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market

RV-04

- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com



રાણપુરના બરાનિયા પ્રાથમિક શાળાના નાના બાળકોએ શહીદોના પરીવાર માટે ૨૬૧૧ રૂપિયા ભેગા કર્યા



૧૯૬૨,૧૯૬૫ અને ૧૯૭૧ ના ચીન અને પાકિસ્તાન સાથે ના યુદ્ધ દરમિયાન સંત શ્રી બજરંગદાસ બાપાએ પોતાના આશ્રમ ની ચીજ વસ્તુઓ અને પોતાના વસ્ત્રો ની લીલામી કરી ને ભારતીય સૈન્ય અને શહિદો પ્રત્યે પોતાનું ઋણ અદા કર્યા ની ભવ્યતા પુર્ણ વિગત અને હકીકત નવી પેઢી અને સાંપ્રત સમાજ જીવન ને પ્રેરક અને પોષક રહી છે. ત્યારે બોટાદ જીલ્લાના રાણપુર તાલુકા ના બરાનિયા પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ ઉપરોક્ત ભવ્ય ગાથા અને ઈતિહાસ નુ પુનરાવર્તન કરતાં હોય તેમ આજે ગામમાંથી એકત્રિત કરાયેલ ફાળા ને તાજેતરમાં પુલવામા મા થયેલા આતંકવાદી હુમલામા ના શહિદો ના પરિજનો માટે બોટાદ જિલ્લા સેવા સદન ખાતે કલેકટર શ્રી સુજિતકુમાર ને અર્પણ કર્યો હતો. રૂ ૨૬૧૧/- ની રાશિ સ્વિકારતા જિલ્લા કલેકટર શ્રી એ શાળા ની બાળકીઓ ને સહદય આવકારી બાળકોના પ્રેરક કાર્ય ને બિરદાવી શાળાના આચાર્ય ભુપતભાઈ સાંથલિયા તથા શિક્ષક લાલજીભાઈ ને અભિનંદન આપ્યા હતા તેમજ શાળાને જ્ઞાનકુંજ પ્રોજેકટ થી સુસજ્જ કરવાની ખાત્રી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બરાનિયા પ્રાથમિક શાળાના સ્વંય સ્ફુરિત પ્રેરણાદાયી બાળકો ના રાષ્ટ્રપ્રેમ અને અને દેશદાઝ ને ગઢડા તાલુકાની ઈશ્વરિયા પ્રાથમિક શાળા ના આચાર્ય વિજયભાઈ સાંથલિયા એ પણ આવકારી ને શાળા ના તમામ બાળકોને ચોકલેટ વિતરણ કરાઈ હતી.

હળવદ પાલિકા દ્વારા નગરપાલિકા શોપિંગ સેન્ટરની દુકાનોની હરાજી કરતા અધધધ ચાર કરોડની આવક



પાલિકાના બે કોમ્પલેક્સમાં ૩૧ દુકાની અધાટ વેચાણ થી હરાજી કરાતા અ ધ ધ ધ ૪ કરોડ જેટલી આવક, હળવદ નગરપાલિકા દ્વારા ડો, બાબા સાહેબ આંબેડકર શોપિંગ સેન્ટર તેમજ નગરપાલિકા શોપીંગ સેન્ટર ગીની ગેસ્ટ હાઉસ સામે બે શોપિંગ સેન્ટર ની કુલ ૪૭ દુકાન માટે અઘાટ વેચાણ થી હળવદ નગરપાલિકા સભાખંડ ખાતે જાહેર હજી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હળવદના વેપારીઓએ જાહેર હરાજી બોલીને ૩૧ દુકાનો ની અધાટ વેચાણ થી રાખતા અંદાજિત ચાર કરોડ જેટલી જંગી રકમ ની હળવદ પાલિકાને આવક થઇ છે.

હળવદ નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ બે શોપિંગ સેન્ટરમાં ૪૭ દુકા ની જાહેર હરાજી રાખવામાં આવી હતી હળવદ નગરપાલિકા ના ટાઉનહોલ ખાતે જાહેર હરાજી વેપારીઓની હાજરીમાં જાહેર બોલી બોલાઇ હતી અધધધ ૩૩ લાખ સુધી ની બોલી બોલાઇ હતી આ તકે મોરબી જિલ્લા એસડીએમ અને હળવદ પ્રાંત અધિકારી એસ ડી પટેલ મામલતદાર વી, કે, સોલંકી ચીફ ઓફિસર સાગર રાડીયા ,હળવદ નગરપાલિકા પ્રમુખ હિનાબેન અજયભાઈ રાવલ ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ કારોબારી સમિતિના ચેરમેન નાગરભાઈ દલવાડી સહીત નગરપાલિકાના સદસ્યો હળવદ ના વેપારીઓ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાણપુરના કુંડલી ગામે પ્રાથમિક શાળા અને હાઈસ્કુલમાં તમાકુ મુક્ત શાળા કાર્યક્રમ યોજાયો



બોટાદ જીલ્લાની સ્કુલ, કોલેજ અને શાળા ના વિદ્યાર્થીઓ તમાકુ ના વ્યસન થી દુર રહે તમાકુના વ્યસનથી લોકજાગૃતિ આવે તે હેતુથી મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.જે.ઓ. માઢક અને ઈ.એમ.ઓ.ડૉ. ચૌહાણના માર્ગદર્શન થી બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના કુંડલી સરકારી માધ્યમિક શાળા અને શારદા વિનાયક હાઈસ્કુલમાં તમાકુ મુકત શાળા બને તેં માટેની પ્રવૃતિ કરવામાં આવી હતી.

જેમા બાળકો સાથે તમાકુ વિશેની સમધારા થી સ્વાસ્થ્ય અંતર્ગત ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધા અને સંગીત-ખુરશી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જેમા પ્રથમ,દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ વિદ્યાર્થિઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમને સફળ બનાવવા સરકારી માધ્યમિક વિભાગના આચાર્ય હાર્દીકભાઈ દવે અને લાલજીભાઈ પટેલ તેમજ નિમાવત અર્જુનભાઈ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

દેશની સરહદની રક્ષા કરતા સૈનિકોની જેમ દેશના સ્વાસ્થ્ય સૈનિકોનો પણ દરજ્જો હોવો જોઈએ : કમલ ચૌહાણ



રાજપીપળામાં વાલ્મિકી સફાઈ કામદારોની હડતાળને પગલે ગંદકીના ઢગલા,વાલ્મિકી કામદારો પર કાયદેસરની કાર્યવાહીની મુખ્ય અધિકારીની ચીમકીઃ પીએમ મોદી દલિતોના પગ ધોવે એના કરતા એમના પેટના ખાડા પૂરવા જોઈએ : કમલ ચૌહાણ, રાજપીપળા પાલિકા કોંગ્રેસ સભ્ય

રાજપીપલા પાલિકાના ચીફ ઓફીસર અમિત પંડ્યાએ જણાવ્યું હતું કે શહેરમાં રહેલ કચરાનો નિકાલ કરવા વૈકલ્પિક વ્યવસ્થા કરી ઉકેલ લાવવામાં આવશે.જો કે આ વાલ્મિકી સમાજના કર્મચારીઓની માગણીઓ સ્વીકારેલી છે, અને જો વધુ હડતાલ પર રહશે તો એમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

રાજપીપળા :ગુજરાત ભરમાં વાલ્મિકી સફાઈ કામદારોની સાથે રાજપીપળા પાલિકાના વાલ્મિકી સમાજના કામદારોએ પણ પોતાને કાયમી કરવા અને બીજી અન્ય પડતર માંગણીઓ મુદે હડતાલ પર ઉતરતા રાજપીપળા શહેરોમાં કચરાના ઢગલે ઢગલા થઈ જવાથી ગંદકી છવાઈ ગઈ છે.વાલ્મિકી સફાઈ કામદારોએ હડતાલનું રણસીગુ ફૂંકી સરકાર સરકાર હવે શું કરે છે એ જોવું રહ્યું.રાજપીપળા નગરપાલિકાના ૧૪૦ જેવા સફાઈ કામદારો ૫ માર્ચથી અચોક્કસ મુદતની હડતાલ પર જતા બીજા દિવસેજ રાજપીપળા શહેરમાં ઠેરઠેર ગંદીકીનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળ્યું હતું. શહેરવાસીઓ પણ કચરાના ઢગને કારણે દુર્ગંધ મારતા ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. કચરાંથી દુગંધને ારણે રોગચાળો ફેલાવાની દહેશત પણ શહેરવાસીઓ વ્યક્ત કરી રહ્યા છે.

બીજી બાજુ રાજપીપળા પાલિકા પણ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં પાછી પડતા રાજપીપળા શહેરવાસીઓ રોષે ભરાયા હતા.તો બીજી બાજુ વાલ્મિકી સમાજના લોકોએ અને રાજપીપળા પાલિકા કોંગ્રેસ સભ્ય કમલ ચૌહાણે માંગ કરી હતી કે પીએમ મોદી દલિતોના પગ ધોઈ ખાલી પબ્લિસિટી સ્ટંટ કરે છે એની કરતા એમના પેટનો ખાડો પૂરે એ જરૂરી છે.આજે દેશમાં ગન્દકીઓ સાફ કરવાનું કામ વાલ્મિકી સમાજના લોકો જ કરે છે,તેથી તેઓ દેશના સ્વાસ્થ્યના સૈનિકો કહેવાય.દેશની સરહદની રક્ષા કરતા સૈનિકો જેવો દેશના સ્વાસ્થ્ય સૈનિકોનો પણ દરજ્જો હોવો જોઈએ.તંત્ર પાસે પણ વહેલી તકે આ કચરાનો નિકાલ કરે તેવી રાજપીપળા વાસીઓ માંગ કરી રહ્યા છે.તો વાલ્મિકી સમાજના લોકોએ એવી ચીમકી ઉચ્ચારી છે કે અમારા પ્રશ્નનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી આ હડતાલ ચાલુ રહશે.

હોળી પર્વે પાણીના બગાડ પર પ્રતિબંધ લાગુ કરવાની માંગણી

સુરત

મ્યુનિ. કમિશનર તથા મેયરને પરસ્પર દેવો ભવ : ટીમના અગ્રણી કિશોર એલ. પાંડવ તથા માધુભાઈ કાકીયાએ રજૂઆત કરી જણાવ્યું છે કે, હાલ વર્તમાન સમય ખૂબ જ વિચાર અને સમજણ માંગે છે. થોડા દિવસ પહેલાં દેશની રક્ષા કરતા વીર જવાનો પર આતંકી હુમલો અને તેમા આજ દિવસ સુધીમાં મોટી સંખ્યામાં વીર જવાનો શહીદ થયા તે દેશ માટે ખૂબ જ આઘાતપૂર્ણ છે. તો તે શહીદોનાં માનમાં આવનારો હોળી પર્વ સમગ્ર શહેરમાં સાદગી ભર્યો મનાવાય અને જે શહીદ વીરોનાં માનમાં અને શ્રદ્ધાંજલી પણ આપ્યું ગણાશે.

સાથો સાથ ખૂબ જ મોટા પ્રમાણમાં પાણી અને પ્લાસ્ટિકનો દૂરઉપયોગ થઈ રહ્યો છે તેના પર અંકુશ મુકવો અત્યારની વર્તમાન પરિસ્થિતિમાં ખૂબ જ જરૂરી છે. જેના અનુસંધાને સુ.મ.પા. દ્વારા આ બાબતે કડકમાં કડક પગલાં લઈ આ પ્લાસ્ટિક થેલી વેચાણ પર કડક કાયદાકીય રીતે પ્રતિબંધ મુકવામાં આવે તે ખૂબ જરૂરી છે.

તેની સાથે આખો દેશ જ્યારે સ્વચ્છ ભારતમાં જોડાઈ ગયો હોય ત્યારે આ બાબત પણ સ્વચ્છ ભારતનો એક ભાગ છે. માટે આપ વિશેષ આ બાબતે જો વીર શહીદોને શ્રદ્ધાંજલીનાં ભાગરૂપે અને શહેરનાં સ્વચ્છ વાતાવરણ બાબત આ પર્વને સાદગીમય બની રહે તેવી અમારી આ અરજી દ્વારા નમ્ર અપીલ છે.

ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૫.૩૩ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા

ધો. ૧૨ સાયન્સમાં બી ગ્રુપમાં સૌથી વધુ ૮૯૭૬૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

અમદાવાદ

ગુજરાતના શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આવતી કાલ તા ૭મી માર્ચથી શરૂ થનારી બોર્ડની પરીક્ષાને લઇને શિક્ષણ બોર્ડદ્વારા પણ તમામ તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાંથી ધોરણ ૧૦માં ૧૧ લાખ ૪૯ હજાર ૭૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. તો ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧ લાખ ૪૭ હજાર ૩૦૨ વિદ્યાર્થી પરીક્ષા આપશે. સૌથી વધુ બી ગૃપમાં ૮૯૭૬૦ અને એ ગૃપમાં ૫૭૫૧૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જઇ રહ્યા છે. ધોરણ ૧૦માં ૧૦૩૦૨ રિપીટર વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપશે, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫ લાખ ૩૩ હજાર ૬૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

દક્ષિણ ગુજરાતના ફરી તાપમાનમાં ઘટાડો થતા નવસારી જિલ્લામાં ઠંડી

નવસારીમાં ૧૩ વલસાડમાં ૧૬ અને સુરતમાં ૧૯ ડિગ્રી તાપમાન

સુરત

ઉત્તર ભારતમાં પર્વતીય વિસ્તારોમાં બે દિવસ અગાઉ થયેલ હિમવર્ષાના પગલે ઉત્તર દિશાથી ફૂંકાતી ઠંડા પવનના લીધે સમગ્ર રાજયના હવામાનમાં ફેરફાર નોંધાયો છે. ગતરોજની સરખામણીએ આજે એક ડિગ્રી તાપમાન ઘટયું છે. આગામી એક-બે દિવસ સુધી વાતાવરણ યથાવત રહેવાની શકયતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૨ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૩.૭ મીલીબાર નોંધાયું છે. શહેરમાં પૂર્વ દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાન ૧ ડિગ્રી ઘટયુ છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૫ ડિગ્રી નોંધાયું હતું. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયુ છે જે ગતરોજ ૧૮ ડિગ્રી નોંધાયું હતું. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં એકથી બે ડિગ્રી સુધી તાપમાન ઘટયું છે. આગામી એક બે દિવસ સુધી ઠંડીનો ચમકારો યથાવત રહે તેવી શકયતા છે. ત્યારબાદ પવનની દિશા બદલવાની સાથેડ ગરમીમાં વધારો નોંધાશે.

ઉન પાટિયા સિદ્દીકી નગરમાં ઘરમાં પરિણીતા પર બળાત્કાર

સુરત

ઉન પાટિયા સિદ્દિકી નગરમાં પરિણીતા ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. આરોપી પીડિતાની ગેરહાજરીમાં બાથરૂમના ઈજા ઉપર ધુપાઈ ગયા બાદ રાત્રિ સમયે પરિણીતા ઉપર બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો.

સચીન જીઆઈડીસી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉન પાટિયા રઝા ચોક પાસે સિદ્દિકી નગરમાં રહેતો મોહંમદ ઉર્ફે રાજુ નામનો ઈસમ ફરિયાદી પરિણીતાની ગેરહાજરીમાં ફરિયાદીના રૂમમાં બાથરૂમના છજા ઉપર છૂપાઈ ગયો હતો. ત્યારબાદ મોડી રાત્રે ફરિયાદી પોતાના બાળકો સાથે સુતી હતી. ત્યારે ફરિયાદી સાથે બળજબરીપૂર્વક સંજોગ કરી બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટના અંગે પીડિતાએ સચીન જીઆઈડીસી પોલીસી મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઈ.પી.કો કલમ ૩૭૬ મુજબનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. આ બનાવ તા. ૨૭/૨/૧૯ની રોજ રાત્રે એક વાગે બન્યો હતો. વધુ તપાસ પોસઈ જે.આર. દેસાઈ કરી રહ્યાં છે.

કતારગામની મિલકત બોગસ પવાર બનાવી વેચી દેવાતા પોલીસ ફરિયાદ

મકાન અને દુકાનો વેચી દેનાર ત્રણ વિરુદ્ધ ગુનો દાખલ

સુરત

કતારગામ ટી.પી. સ્કીમ નંબરમાં આપેલી જમીનના મકાનના ગાળા અને બે દુકાનવાળી મિલકતના બોગસ પાવર બનાવી વેચાણ દસ્તાવેજ બનાવી મિલકત પચાવી પાડનારા ત્રણ જણા વિરુદ્ધ મિલકત માલિકો કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ અંબિકા નગરમાં રહેતા મૂળજી ખીમજી ડોબરિયાએ આરોપી હંસરાજ મોહન વિરાણી, કેશુ દામજી બારંભિયા, ચંદુ ભીખુ દેવાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ એકબીજાની મદદગારીથી ફરિયાદીની માલિકીના મકાન, દુકાનના ખોટા પાવરો તૈયાર કરી મિલકતોનું વેચાણ કરી દસ્તાવેજ બનાવી આપી ફરિયાદીની મિલકતો પચાવી પાડી હતી. ફરિયાદના આધારે કતારગામ પોલીસે વિશ્વાસઘાત છેતરપિંડીનો ગુનો દાખલ કરી પોસઈ એમ.વી. ચાવડાએ તપાસ હાથ ધરી છે.

ચૂંટણીના દિવસે રાજકીય જાહેરખબર પર પ્રતિબંધ નહીં મુકાય

ન્યુ દિલ્હી

ચૂંટણીના દિવસે અખબારોમાં રાજકીય જાહેરખબર પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મૂકવા ચૂંટણી પંચની દરખાસ્ત આગામી લોકસભાની ચૂંટણી પંચ અમલી બનશે નહીં, કારણ કે આ પ્રસ્તાવ કાનૂન મંત્રાલય સમક્ષ પેન્ડિંગ છે. આ દરખાસ્ત માટે પિપલ્સ એક્ટમાં ફેરફાર કરવા જરૂરી છે. આ વખતે બજેટ સત્ર ટૂંકાગાળાનું હતું. તેથી કાનૂન મંત્રાલય સુધારાનો પ્રસ્તાવ કેબિનેટમાં મૂકી શક્યો નહોતો. રાજકીય પક્ષોની સહમતી જરૂરી છે. હવે ૧૭મી લોકસભા આ દરખાસ્ત વિશે વિચારશે. હાલ મતદાનના ૪૮ કલાક અગાઉ ઈલેક્ટ્રોનિક મીડિયામાં ચૂંટણી જાહેરાત વિશે પ્રતિબંધ છે.

હવે પ્રિન્ટ મીડિયામાં પણ પ્રતિબંધ મૂકવા કમિટીએ ભલામણ કરી છે, જે અમલમાં આવશે તો કોઈપણ રાજકીય પક્ષ ચૂંટણીના દિવસે જાહેરખબર પ્રકાશિત કરી શકશે નહીં. ૨૦૧૬માં ચૂંટણી પંચે ઈલેક્ટ્રોલ કાનૂનમાં સુધારો કરવા સરકારને વિનંતી કરી હતી. એપ્રિલ-મેમાં ચૂંટણી થશે. ૧૬મી લોકસભાની મુદત ત્રણ જૂને પૂરી થાય છે. તે પહેલાં નવી લોકસભાનું ગઠન થઈ જવું જોઈએ.





રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષાઓના આરંભ થનાર છે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ સંદર્ભે શિક્ષણ બોર્ડ તથા સ્થાનિક પ્રશાસન દ્વારા સઘળી તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવી છે. દૃશ્યમાન તસવીરોમાં શાળા કેન્દ્રની બહાર એકત્ર થયેલા વાલીઓ અને બોર્ડ કેન્દ્રમાં બેઠક નંબરની વ્યવસ્થા નિહાળતા વિદ્યાર્થીઓ તથા બોર્ડ પરીક્ષાની સામગ્રીઓ સામે વર્ગ પરીક્ષકો નજરે પડે છે.

૫૦૦ કિલોવોટથી ૪ મેગાવોટની ક્ષમતાના નાના સોલાર પ્રોજેકટ સ્થાપી શકાશેઃ ઊર્જા મંત્રી સૌરભ પટેલ

સોલાર પ્રોજેક્ટ નીતિ અમલી બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

જેટકોના હયાત સબ-સ્ટેશનોની નજીક હોય તેવા જમીનના કિસ્સાને પ્રાધાન્ય અપાશે

ગાંધીનગર

રાજ્યના ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં ઉપલબ્ધ સૂર્ય પ્રકાશ તથા પવનની પુરતી ઝડપને ધ્યાને લેતાં અહીં પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદનમાં વિશાળ તકો રહેલી છે ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારે પુનઃ પ્રાપ્ય ઊર્જા ઉત્પાદન માટે અનેક નવતર આયામો હાથ ધર્યા છે. જેના પરિણામે પુનઃ પ્રાપ્ય ઊર્જામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. બિનપરંપરાગત ઊર્જામાં વધારો થાય તે માટે નાના વીજ ઉત્પાદકોને વીજ ઉત્પાદનની પુરતી તકો મળે તે આશ્રયથી રાજ્ય સરકારે નવતર અભિગમ દાખવીને સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાત રાજ્યમાં "સ્મોલ સ્કેલ ડીસ્ટ્રીબ્યુટેડ સોલાર પ્રોજેકટ નીતિ" અમલમાં મુકવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ નીતિ આગામી ૫ વર્ષ માટે રાજ્યમાં અમલી બનશે.

ઊર્જા મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં સોલાર પાર્કસમાં ભાગ ન લઈ શકે તેવા નાના વીજ ઉત્પાદકો જેવા કે, ખેડૂતો, નાના સાહસિકો, સહકારી મંડળીઓ કે કંપનીઓને સોલાર પ્રોજેકટ સ્થાપવા માટે આ નીતિ અત્યંત આશીર્વાદરૂપ બનશે. જેમાં ૫૦૦ કિલોવોટથી ૪ મેગાવોટની ક્ષમતાના નાના સોલાર પ્રોજેકટ સ્થાપી શકાશે. આ માટે નાના વીજ ઉત્પાદકો કે જે મોટા સોલાર પ્રોજેકટ સ્થાપવા સક્ષમ ન હોય તેઓ પોતાની ખાનગી જમીન પર કે ખાનગી જમીન લીઝ પર મેળવી આવા નાના સોલાર પ્રોજેકટ સ્થાપી શકશે.

તેમણે ઉમેર્યું કે આ પ્રોજેકટ માટે જેટકોના હયાત સબ-સ્ટેશનોની નજીક હોય તેવી જમીનના કિસ્સાઓને પ્રાધાન્ય અપાશે. રાજ્ય સરકારે જાહેર કરેલ આ નીતિ હેઠળ કોઈપણ વ્યક્તિ, ખેડૂત, સહકારી મંડળી, કંપની કે તેઓ દ્વારા બનાવેલ સંસ્થા, ૦.૫ મેગાવોટથી ૪ મેગાવોટ સુધીનો સ્મોલ સ્કેલ પાવર પ્રોજેકટ સ્થાપી રાજ્યની વીજ કંપનીઓને આ ઉત્પાદિત ઊર્જાનું વેચાણ કરી શકશે. ખેડૂતો પોતાની જમીનમાં સ્થાપેલ સોલાર પાવર પ્લાન્ટમાંથી ઉત્પાદિત થયેલ વીજળી સીધી જ ૧૧ કે.વી.ની વીજ લાઈનમાં દાખલ કરી શકશે. રાજ્યની વીજ કંપનીઓ આ ઉત્પાદિત ઊર્જા ખરીદવા માટે ૨૫ વર્ષના કરાર કરશે. આ ઉત્પાદિત ઊર્જા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા સોલાર પાર્ક સિવાયના પ્રોજેકટ માટે કરવામાં આવેલ બિડીંગ પ્રક્રિયામાં નક્કી થયેલા ભાવથી ૨૦ પૈસા વધુ ભાવે ખરીદવામાં આવશે.

વધુ વિગતો આપતા ઊર્જા રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું કે, કોઈપણ વ્યક્તિ, ખેડૂત, સહકારી મંડળી, કંપની કે તેઓ દ્વારા બનાવેલ સંસ્થા ખાનગી જમીન ધરાવતા હોય તે જમીન ઉપર અથવા પીપીએના સમયગાળા માટે ખાનગી જમીન લીઝ ઉપર લઈ પ્રોજેકટ સ્થાપી કરાર કરી શકે છે. આ પોલિસી હેઠળ કોઈપણ પ્રોજેકટ માટે સરકારી જમીન ઉપયોગ માટે આપવામાં આવશે નહીં. વધુમાં આ યોજના હેઠળ ૪ મેગાવોટથી વધુની ક્ષમતાનો પાવર પ્લાન્ટ સ્થાપી શકાશે નહીં. આ પ્રોજેકટના અમલીકરણ માટે ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા (જેડા)ને રાજ્ય સરકારે નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યના ખેડૂતો તેમની બિનઉપજાઉ જમીન ઉપર ખેડૂત પોતે પ્રોજેકટ સ્થાપીને કે જમીનને લીઝ ઉપર આપીને આવક પ્રાપ્ત કરી શકશે. આ પ્રકારના નાના સોલાર પ્રોજેકટ સ્થાપવાના કારણે જે તે વિસ્તારમાં રોજગારીની તકો પણ ઉપલબ્ધ થશે તેમ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ઉમેર્યું હતું.

તાપી જિલ્લામાં પ્રધાનમંત્રી શ્રમયોગી માન-ધન યોજનાનો આરંભ કરાયો

૪૦ વર્ષ સુધીના શ્રમયોગીઓ યોજનામાં જોડાય શકશે

વ્યારા

કેન્દ્ર સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલ ૧૮ થી ૪૦ વર્ષની વયના શ્રમિકો કે જેમની માસિક આવક રૂ. ૧૫ હજારથી ઓછી હોય તેવા શ્રમયોગીઓ માટેની પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાનો તાપી જિલ્લામાં આજે વ્યારા ખાતે બારડોલીના સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ શુભારંભ કરાવ્યો હતો. વ્યારા ખાતે ડો. શ્યામા પ્રસાદ મુખર્જી હોલ ખાતે આ યોજનાનો શુભારંભ કરાવતાં સાંસદ પ્રભુભાઈએ જણાવ્યું હતું કે, આ યોજના તાપી જિલ્લાના નાના રોજગાર સાથે સંકળાયેલ અસંગઠિત ક્ષેત્રના તમામ શ્રમયોગી માટે આશિર્વાદ સમાન બની રેહશે. હાલ ૧૮ થી ૪૦ વર્ષની વય ધરાવતાં રીક્ષાચાલકો, બાંધકામ શ્રમયોગીઓ, ફેરીયાઓ, ઘરેલુ શ્રમયોગીઓ, મધ્યાહન ભોજન શ્રમયોગીઓ, આશા શ્રમયોગીઓ, મનરેગાના લાભાર્થીઓ, શાકવાળાઓ, હાથલારી શ્રમયોગીઓ, હસ્તકલાના કારીગરો, કચરો વીણનાર, મોચી, દરજી, ખેત શ્રમયોગીઓ, સીમાંત ખેડૂતો જેવા નાના રોજગાર સાથે સંકળાયેલ અસંગઠિત ક્ષેત્રના તમામ શ્રમયોગીઓ આ યોજનામાં જોડાઈ શકે છે. આ યોજનામાં જોડાનાર શ્રમયોગીઓને ૬૦ વર્ષની ઉંમર પછી માસિક રૂ.૩૦૦૦ પેન્શન મળશે એમ સાંસદ પ્રભુભાઈએ જણાવ્યું હતું. ૧૮ થી ૪૦ વર્ષની યુવાન વયે તંદુરસ્ત હોઈ, આવક મેળવી શકે છે. પણ ત્યાર બાદ પણ તેમની માસિક આવક નિયમિત જળવાઈ રહે એવા ઉમદા હેતુ થી આ યોજનાનો આજે પ્રારંભ થઈ રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ યોજનાનો તરત જ અમલીકરણ પણ થવાનો છે, એમ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત લાભાર્થીઓને પણ આ યોજનાની જાણકારી અંતરિયાળ વિસ્તાના સૌ ગ્રામજનો સુધી પહોંચે તેવી અપીલ કરી હતી.

કોંગ્રેસના સંભવિત ઉમેદવારોનું લિસ્ટ ફાઇનલ, અંતિમ નિર્ણય 'દાંડીકુચ'નાં દિવસે

ગાંધીનગર

લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ છે. કોંગ્રેસ દ્વારા છેલ્લા કેટલાક સમયથી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. આ માટે બુધવારે કોંગ્રેસની સ્ક્રીનિંગ કમિટિની બેઠક મળી હતી, જેમાં કેટલાક ઉમેદવારોના નામ ફાઇનલ થયા હોવાનું સામે આવ્યું છે. તો ઉમેદવારોની નામ બહાર આવતા કોંગ્રેસમાં જૂથવાદ પણ સપાટી પર આવ્યો છે.

સ્ક્રીનિંગ કમિટિની બેઠક બાદ કોંગ્રેસના ગુજરાત પ્રભારી રાજીવ સાતવે પત્રકારો સાથે વાતચિત કરી હતી, જેમાં તેઓએ જણાવ્યું કે ગુજરાત લોકસભા ચૂંટણીની તૈયારી અંતિમ પડાવમાં છે. થોડા સમય પહેલા પ્રદેશ સિલેક્શનની બેઠક મળી હતી, જેમાં બ્લોક, તાલુકા, જિલ્લા પ્રદેશના નેતાઓ સાથે ચર્ચાઓ થઈ હતી. ત્યારબાદ ઉમેદવારોની અંતિમ સૂચી તૈયાર કરવામાં આવી છે. ત્યારબાદ સ્ક્રીનિંગ કમિટિની બેઠકમાં પણ ચર્ચા કરવામાં આવી છે. હવે આગામી ૧૨ તારીખે સીડબ્લ્યુસી ગુજરાતમાં કરવાનું નક્કી કર્યું છે. આ સીડબ્લ્યુસીની બેઠક બાદ ઉમેદવારોનું અંતિમ લિસ્ટ બહાર પાડવામાં આવશે.

રાજીવ સાતવે જણાવ્યું કે ગુજરાત કોંગ્રેસની સ્ક્રીનિંગમાં ૨૬ લોકસભા સીટના ઉમેદવારની પસંદગી પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ ૨૬ ઉમેદવારોના નામ હાઇકમાન્ડ સમક્ષ રજૂ કરવામાં આવશે. આ લિસ્ટમાં મોટાભાગે એક એક ઉમેદવારની દાવેદારી નક્કી કરવામાં આવ્યી છે. તો ૩-૪ સીટ પર હાલ બે-બે ઉમેદવાર નક્કી કરવામાં આવ્યા છે.

કોંગ્રેસની પ્રથમ લોકસભા ચૂંટણીના ઉમેદવારોના લિસ્ટની વાત કરીએ તો હાલ કોંગ્રેસ (એસસી) જિગ્નેશ મેવાણીનું નામ ફાઇનલ કરવામાં આવ્યું છે, જો આ વાતનો સ્થાનિક કક્ષાએ વિરોધ કરવામાં આવી રહ્યો છે. તો બનાસકાંઠામાં લાલજી દેસાઈ, ગોવા રબારી, દિનેશ ગઢવીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પાટણમાં જગદીશ ઠાકોર, અલ્પેશ ઠાકોર. મહેસાણામાં તુષાર પટેલ, એ જે પટેલ અને કિરીટ પટેલ. સાબરકાંઠામાં અશ્વિન કોટવાલ, રાજેન્દ્રસિંહ ઠાકોર. ગાંધીનગરમાં સી જે ચાવડા, જયરાજસિંહ પરમાર. અમદાવાદ પૂર્વમાં દિપક બાબરિયા, ડોક્ટર હિમાન્શુ પટેલ. અમદાવાદ પશ્ચિમ (એસસી) રાજુભાઈ પરમાર, શૈલેષ પરમાર. સુરેન્દ્રનગરમાં સોમાભાઈ પટેલ, ઋત્વિક મકવાણા. પોરબંદરમાં લલિત વસોયા, લલિત કગથરા. જામનગરમાં હાલ નક્કી નથી થયા. જૂનાગઢમાં હર્ષદ રિબડિયા, વિમલ ચુડાસમા. અમરેલીમાં પ્રતાપ દુધાત. ભાવનગરમાં હાલ નક્કી નથી થયા. આણંદમાં ભરતસિંહ સોલંકી. દાહોદમાં ડો. પ્રભા તાવિયાડ. બારડોલીમાં તુષાર ચૌધરી. સુરત, નવસારી, વલસાડ અને રાજકોટમાં હાલ ઉમેદવારોની જાહેરાત કરાઈ નથી.

ધો. ૧૦ અને ધો. ૧૨ બોર્ડની પરીક્ષા રાજ્યભરમાં સુરતના વિદ્યાર્થીઓ સૌથી વધુ

સુરતના કુલ ૫૨૬ શાળા ભવનોના ૮૧ કેન્દ્ર પર બોર્ડ પરીક્ષા અંગે પોલીસનો બંદોબસ્ત

સુરત

ગુજરાત બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. પરીક્ષા માટે વિદ્યાર્થીઓ અને બોર્ડની સાથેડ વાલીઓ પણ સજ્જ થઈ ગયા છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ૧.૬૬ લાખ જેટલા પરીક્ષાર્થીઓ સુરતમાંથી પરીક્ષા આપશે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા મળતી માહિતી મુજબ આવતીકાલથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. આગામી ૧૫ દિવસ સુધી વિવિધ વિષયોની પરીક્ષા થશે તે માટે વહીવટી તંત્ર સજ્જ છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ૧.૬૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ સુરતમાંથી નોંધાયા છે. સુરતમાં ૫૨૬ બિલ્ડિંગોમાં ૮૧ કેન્દ્રો પર બોર્ડ પરીક્ષા માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સુરત ઉપરાંત નવસારી, તાપી, ડાંગ, વલસાડ, દમણ-દિવસ અને ભરૂચમાંથી મળી કુલ ૩.૬૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

બોર્ડની પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ આખુ વર્ષ મહેનત કરતા હોય છે, પરંતુ પરીક્ષાના દિવસો વિદ્યાર્થીઓના આગામી શૈક્ષણિક ભવિષ્ય માટે ખૂબ જ મહત્વના હોય છે વિદ્યાર્થીઓની સાથે વાલીઓની પણ ચિંતા વધી જતી હોય છે. પરીક્ષાર્થીઓ દ્વારા હળવા મૂડમાં પરિણામની ચિંતા કર્યા વગર પરીક્ષા આપવી જોઈએ. તેવુ શિક્ષણ શાસ્ત્રીઓ કહે છે. આ પરીક્ષા માત્ર ટકાવારી મેળવવા માટેની હોય છે. જીવનની સાચી પરીક્ષા ત્યારબાદ શરૂ થતી હોય છે તેથી પરીક્ષાર્થીઓએ કોઈપણ પ્રકારની ચિંતા કે હતાશા વગર પરીક્ષા આપવાની. પરીક્ષા આપવા જતા પહેલાં જરૂરી હોલ ટિકિટ લેવાનું ભૂલતા નહીં સમય કરતા વહેલા પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા માટે ઘરેથી વહેલા નીકળવાનું રાખવુ જેથી રસ્તામાં ટ્રાફિક સમસ્યાથી બચી શકાય છે. વહીવટી તંત્ર બોર્ડ પરીક્ષા માટે સજ્જ છે. આવતીકાલથી ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાનો શુભારંભ થવા જોઈ રહ્યો છે.

એસટી કર્મચારીઓ અને શિક્ષકો બાદ હવે ડોક્ટરો હડતાળ પર ઉતરશે

ગાંધીનગર

એક તરફ ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે, તો બીજી બાજુ રાજ્યમાં હડતાળની મોસમ ચાલી રહી છે. સરકારી કર્મચારીઓ પોતાની માગણીને લઈને હડતાળ પર ઉતરી રહ્યાં છે. પહેલા આરોગ્ય વિભાગ, એસટી કર્મચારીઓ અને શિક્ષકો બાદ હવે રાજ્યના ડોક્ટરો પણ હડતાળ પર ઉતરવાની તૈયારીમાં છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે ગુજરાત મેડિકલ ટીચર્સ એસોશિએશનના પ્રોફેસર-આસિસ્ટન્ટ પ્રોફેસરો દ્વારા હડતાળની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. ડોક્ટર્સની માગ છે કે તેઓને ૭માં પગાર પંચનો લાભ આપવામાં આવે. આ માટે રાજ્યના તમામ ડોક્ટરો પહેલા ૯મી તારીખે ગાંધીનગર કુચ કરશે, અહીં તેઓ મહારેલીનું આયોજન કરશે. ત્યારબાદ પણ જો સરકાર તેઓની માગણી નહીં સ્વીકારે તો હડતાળ પર ઉતરવાનું નક્કી કર્યું છે.

વલસાડમાં ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ઉત્કૃષ્ટ કામગીરી

વલસાડ

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષાને ધ્યાને રાખીને વિવિધ હેલ્પલાઇન નંબર અને યોજનાઓ શરૂ કરવામાં આવી છે. કોઈપણ પીડિત મહિલાને જો સૌથી પહેલા હેલ્પલાઇન નંબર આવતો હોય તો એ છે ૧૮૧ મહિલા હેલ્પલાઇન. વલસાડ જિલ્લામાં ૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા અવારનવાર ઘણી મહિલાઓને વિવિધ બાબતોમાં સુરક્ષામાં આપવામાં આવે છે. જેમાં વલસાડ સ્થિત એક મહિલાએ તેમના ઘરમાં ઘરકામ માટે એક પુરુષને ઘરઘાટી તરીકે રાખ્યો હતો. આ પુરુષે ચાર વર્ષ સારી રીતે કામ કર્યા બાદ પરિવારની મહિલા ઉપર તેમણે દાનત બગાડી હતી. જેથી આ મહિલાએ પહેલા પોતે અને પછી પરિવારની મદદની આ પુરુષને સીધે રસ્તે લાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેનો કોઈ નિવેડો આવ્યો નહીં. આ ઇસમે જ્યારે જાહેરમાં મહિલા સાથે ગેરવર્તણૂંક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે મહિલાને પોલીસની મદદ લેવાનો નિર્ણય કરી એક જાગૃત મહિલા તરીકે તુરંત ૧૮૧ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક સાધતા ૧૮૧ના કર્મચારીઓ પોલીસની સાથે સ્થળે પહોંચી ગયા હતા અને તેને કાયદાકીય રીતે શીખામણ આપી હતી. ત્યારબાદ તે પુરુષે મહિલાને કોઈપણ પ્રકારે હેરાન ન કરે તેવી ખાતરી આપી હતી. મહિલાના આ પગલાના કારણે તેઓ બધી રીતે સુરક્ષા અનુભવી રહ્યા છે. ૧૮૧ - મહિલા હેલ્પલાઇનની કામગીરી ખરેખર સરાહનીય રહી હતી.

પેન્શનરો આનંદો, હવે કોઈપણ જગ્યાએથી પેન્શન મેળવી શકાશે

ગાંધીનગર

રાજ્યના પેન્શનરો હાલ સરકાર તરફથી ખુશખબર મળી રહ્યા છે. રાજ્યના પેન્શનરો માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે રાજ્યના લાખો પેન્શનરોને તેનો લાભ મળવા જઈ રહ્યો છે. તેઓ હવે રાજ્યમાં અને રાજ્યની બહાર પેન્શન કચેરીથી સરળતાથી પેન્શન મેળવી શકશે.

રાજ્ય સરકારે પેન્શનરો માટે લીધેલા નિર્ણયમાં હવે તેઓ કોઈ પણ જગ્યાએ પેન્શન મેળવી શકશે. એટલે સંજોગો વસાત કોઈ પેન્શનર રાજ્યની બહાર ગયો હોય તો પણ તેને રાજ્ય અને રાજ્ય બહારથી સરળતાથી પેન્શનના રૂપિયા મળી જશે.

આજે મુખ્યમંત્રી નિવાસ સ્થાને મળેલી બેઠકમાં પેન્શનરો માટે આ નિર્ણય લેવાયો હતો, જેના કારણે રાજ્યના લાખો પેન્શનરો ખુશખુશાલ જોવા મળ્યા હતા. સરકારે પેન્શનરો માટે લીધેલા નિર્ણયમાં તેઓ રાજ્યમાં અને રાજ્યની બહાર પેન્શન કચેરીથી સરળતાથી પેન્શન મેળવી શકશે, જેના માટે સરકારે નિયમોમાં ધરખમ ફેરફાર કર્યા છે.

તંત્રી સ્થાનેથી...

સુરક્ષા દળ સામે પડકાર

જમ્મુકાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર આત્મઘાતી હુમલો ૧૪મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં આવ્યા બાદ તેમાં ૪૦ જવાન શહીદ થયા હતા. ત્યારબાદ ભારતે આ હુમલાના ભાગરૂપે જવાબી કાર્યવાહી કરી હતી. ભારતીય હવાઇ દળે પાકિસ્તાનમાં ત્રાસવાદી અડ્ડા પર હવાઈ હુમલા કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ સંબંધો બનેલા છે. પાકિસ્તાને સરહદ પર ઉશ્કેરણીજનક કૃત્યો જારી રાખ્યા છે. જેના ભાગરૂપે સરહદ પર ૬૦થી વધારે વખત યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાને ગોળીબાર કર્યો છે. સુરક્ષા દળો સામે તંગ બનેલી સ્થિતી વચ્ચે કેટલાક પડકારો રહેલા છે. એકબાજુ સરહદ પર પાકિસ્તાની જવાનોએ ગોળીબાર જારી રાખ્યો છે. બીજી બાજુ ત્રાસવાદીઓને વધારે ઘાતક ઇરાદા સાથે કાશ્મીરમાં ઘુસાડી દેવાના પ્રયાસ પણ જારી રાખ્યા છે. આવી સ્થિતીમાં સુરક્ષા દળો સામે અનેક નવા પડકારો રહેલા છે. પુલવામા હુમલા બાદથી છેલ્લા કેટલાક દિવસોથી હાલત કફોડી બનેલી છે. દરરોજ સરહદ પર પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા છે. ત્રાસવાદીઓને સ્થાનિક લોકો આશરો આપી રહ્યા છે ત્યારે તેમની સામે નવા પડકારો ઉભા થઇ ગયા છે. આવી જટિલ સ્થિતી વચ્ચે હવે તોયબા અને જેશના ત્રાસવાદીઓ હુમલાની યોજના કરી રહ્યા છે તેવા હેવાલ પણ મળી રહ્યા છે. રાજ્યમાં હાલમાં ગવર્નર શાસન છે તેવી સ્થિતીમાં પડકારો વધારે છે. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઇ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઇને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઇ અર્થ નિકળી શકે છે. સમસ્યાની જડ બની ચુકેલા કેટલાક લોકોને વસ્તીથી અલગ કરવાની બાબત એક ચૂંટણી વલણ પણ હોય છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. બલ્કે ચૂંટણી પ્રક્રિયાના પ્રયાસોમાં પણ ગંભીરતા દેખાઇ રહી નથી. ખાસ નોંધવા લાયક બાબત એ છે કે માત્ર લશ્કરી ઓપરેશન પર આધાર રાખીને અમે અમારા લશ્કરી બળોને પણ સંકટમાં મુકી રહ્યા છીએ. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. સ્થિતીને સુધારી દેવા અને તમામ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસો સતત કરી રહી છે. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે. પાકિસ્તાની સેનાના કૃત્યોને નિષ્ફળ કરવાની સાથે સાથે સ્થાનિક કટ્ટરપંથીઓથી પણ સાવધાન રહેવાની જરૂર છે.

ત્રાસવાદીઓ દ્વારા હુમલાના પ્રયાસ થઇ રહ્યા છે ત્યારે હાલ વધુ સાવધાની જરૂરી

વિપક્ષને વિશ્વાસમાં કેમ લેવાય

હાલમાં પાકિસ્તાન સાથેના સંબંધ તંગ હતા ત્યારે સર્વપક્ષીય બેઠક થઇ હતી. એ વખતે વડાપ્રધાન મોદી પર કુદૃષ્ટિ ધરાવતા ૨૧ નેતાઓ દ્વારા એક પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નિંદા કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યુ હતુ કે વડાપ્રધાને તેમને વિશ્વાસમાં લીધા ન હતા. શહીદોના નામ પર રાજનીતિ રમવામાં આવી હતી. સાથે સાથે મજબુરીથી સેનાની પ્રશંસા પણ કરી હતી. પરંતુ ધ્યાન આપવા લાયક બાબત એ છે કે પાકિસ્તાનની સામે આ ૨૧ પક્ષોના નેતાઓએ ક પણ શબ્દનો ઉપયોગ કર્યો ન હતો. સાથે સાથે પાકિસ્તાનની નિંદા પણ કરવામાં આવી ન હતી. જેશે મોહમ્મદ અને પાકિસ્તાન સરકારની નિંદા પણ કરવામાં આવી ન હતી. બેઠકમાં અને ત્યારબાદ પણ આ નેતાઓએ માત્રને માત્ર નરેન્દ્ર મોદીની ટિકા અને નિંદા કરી છે. વિપક્ષના લોકો કયા મામલે ઇચ્છતા હતા કે તેમને વિશ્વાસમાં લેવામાં આવે. સર્જિકલ સ્ટ્રાઇક મામલે ? એ મામલે જેના કારણે મોદી સરકારની આ લોકોએ ટિકા કરી હતી અને ચીનની પ્રશંસા કરી હતી. ડોકલામ મામલે ચીનને સાથે આપવાની બાબત જાણીતી રહી છે. વિદેશી મિડિયા અને ચીનના રાજદુત અને મંત્રી સાથે ગુપ્ત મુલાકાત કરે છે. પાકિસ્તાનના રાજદુત સાથે ગુપ્ત મુલાકાત કરવામાં આવે છે. કેટલીક એવી બાબતો પણ છે જે લખીશુ તો છપાશે નહીં. શુ આ પ્રકારના લોકોને કોઇ ગુપ્ત માહિતી આપી શકાય છે. અમને દુશ્મનને આંખ દેખાડનાર વડાપ્રધાન જોઇએ છે. આંખોથી ઇશારા કરનાર વડાપ્રધાન જોઇતા નથી. વિપક્ષ ઇચ્છે છે કે મોદીના નિર્ણયના કારણે ભાજપને ફાયદો ન થાય . અમે ઇચ્છે છીએ છીએ કે મોદી એવા કઠોર પગલા લે જેના કારણે દેશ અને દેશના લોકોને ફાયદો થાય.

સેનાના શૌર્ય-મોદીની મજબુત નીતિના કારણે પાકિસ્તાન મજબુર...

કારણ કે હવે નરેન્દ્ર મોદી છે



સરકાર એટલા માટે મજબુત છે કે તે મજબુર નહીં મજબુત છે : દેશનુ નેતૃત્વ મજબુત હાથમાં છે : વિપક્ષની નીતિ માત્રને માત્ર મોદીની નિંદાની

માત્ર એક દિવસ સુધી અમારા જાંબાજ જવાન પાયલોટ અભિનંદન વર્થમાનને પોતાની કસ્ટડીમાં રાખ્યા બાદ પાકિસ્તાનને તેમને સુરક્ષિત મુક્ત કરવાની ફરજ પડી હતી. કારણ કે આ મોદી છે અને મોદી છે તો તમામ બાબત શક્ય છે. કોઇ બાબત અશક્ય નથી. આનુ કારણ માત્ર અમારી સેના દ્વારા દર્શાવવામાં આવેલા શૌર્ય અને સરકારની મજબુતી છે. સરકાર એટલા માટે મજબુત છે કે તે મજબુર નહીં બલ્કે મજબુત સરકાર છે. સાથે સાથે દેશનુ નેતૃત્વ મજબુત હાથમાં છે. જેના કારણે દેશ પણ સુરક્ષિત છે. અમારા પાયલોટને મુક્ત કરાવવા માટે સરકારે બિન જરૂરી રીત આ વખતે પણ ટુકડે ટુકડે ગેંગ દ્વારા મીણબત્તી કાંડ દ્વારા કાવતરુ રચ્યુ હતુ. જેથી સરકારને મજબુર કરીને કંદહાર જેવી વિતેલા વર્ષોમાં કરવામાં આવેલી ભુલ કરવાની ફરજ પાડવામાં આવે. પરંતુ વિપક્ષના આ પ્રયાસો આ વખતે કામ લાગ્યા ન હતા. કારણ કે આ વખતે નરેન્દ્ર મોદી છે. જ્યારે અભિનંદનના મુક્ત થવાના હવાલ આવ્યા ત્યારે કેટલાક પાકિસ્તાની તરફી મિડિયાએ એમ પણ કહ્યુ હતુ કે પાકિસ્તાન દ્વારા શાંતિની દિશામાં લેવામાં આવેલા પગલા તરીકે છે. આ પ્રકારના લોકો એ જ ભાષાનો ઉપયોગ કર છે જે ઇમરાન બોલે છે. પરંતુ આ લોકો આ વાતને કેમ ભુલી જાય છે કે ત્રાસવાદી સંગઠન જેશે પોતે પુલવામા હુમલાની જવાબદારી લીધી હતી. જો આવુ હોય તો પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાન ખાનને પુરાવા આપવાની શુ જરૂર છે. આટલા દશકોમાં પાકિસ્તાને હાફિજ સઇદ અને સલાઉદ્દીન સામે પાકિસ્તાને પગલા લીધા નથી. જથી તેની પાસેથી વધારે અપેક્ષા રાખવાની બાબત બિલકુલ અયોગ્ય છે. હવે કોંગ્રેસ પાર્ટી સૈનિકોને મળી રહેલી સુવિધાના મુદ્દાને ઉઠાવી રહી છે. તે ભુલી જાય છે કે વર્ષ ૧૯૭૧ના યુદ્ધના ઇનામમાં ઇન્દિરા ગાંધીએ સૈનિકોની પેન્શનમાં કાપ મુક્યો હતો. ૪૦ વર્ષ સુધી વન રેન્ક વન પેન્સનની પ્રક્રિયા અટવાઇ પડેલી રહી હતી. સેના માટે જે સિયાચીનમાં પ્રહરી બનીને સરહદની સુરક્ષા કરી રહ્યા હતા. તેમની પાસે ૫૦ ડિગ્રી માઇનસના તાપમાનમાં વસ્ત્રો અને યોગ્ય શુઝ ન હતા. પેટ્રોલિંગ માટે એ વખતે સ્કી સ્કુટર ન હતા. આ તમામ ચીજોની ખરીદી વાજપેયીના શાસનકાળમાં કરવામાં આવી હતી. આઓરપી પણ મોદી સરકારે આપીને સૈનિકોની લાંબા ગાળાની માંગને પૂર્ણ કરી બતાવી છે. જ્યારે તોપ હવે ખરીદવામાં આવી રહી છે ત્યારે તેમની ખરીદીને રોકવા માટેના તમામ પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. સેના કમજોર રહે તેવા બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તમામ લોકોને નિષ્ણાંતો કહેવામાં આવ છે કે સોનિયા ગાંધીની કોંગ્રેસ પાર્ટીએ દેશની સમૃદ્ધિ, સુરક્ષા અને એકતા સાથે કોઇ મતલબ રાખ્યા નથી. કેટલાક લોકો તો આક્ષેપ કરે છે કે આ કોંગ્રેસ પાર્ટી નહેરુના સમયની કોંગ્રેસ પાર્ટી છે. એવો આક્ષેપ પણ કરવામા આવે છે કે નહેરુએ નોબેલ શાંતિના ચક્કરમાં કાશ્મીર પાકિસ્તાનને આપી દેવાની ભુલ કરી હતી જેની કિંમતો આજે પણ અમે ચુકવી રહ્યા છીય. કલમ ૩૭૦ અને ૩૫ એ આપી દીધી હતી. જેનો વિવાદ આજે પણ દશકો બાદ જારી રહ્યો છે. ચીનને લાખો વર્ગમીલ જમીન આપી દીધી હતી. પોતાના પરિવારની હમેંશા કમાણી થતી રહે તે માટે નેશનલ હેરાલ્ડના નામ પર રાષ્ટ્રીય સંપત્તિ આપી દેવામાં આવી હતી. જો અમે ઇચ્છીએ છીએ કે કોઇ અભિનંદન પાકિસ્તાનના કસ્ટડીમાં ન આવે કારણ કે અમારી પાસે રાફેલ નથી તો આ સમય સાવધાન થવાનો છે. દેશમાં ફરી મોદીના હાથ મજબુત કરવાની જરૂર છે. હાલમાં ત્રાસવાદના મુદ્દા પર જે રીતે સરકારે એક્શન લીધા છે તે તમામ દેશવાસીઓ માટે ગર્વ સમાન છે. પાકિસ્તાનમાં ઘુસીને હવાઇ હુમલા કરવાની હિમ્મત ગર્વ સમાન છે. પાકિસ્તાનમાં પહેલી વખત જોરદાર ફફડાટ જોવા મળે છે. કારણ કે વૈશ્વિક સ્તર પર સારા સંબંધો ધરાવનાર એક મજબુત સરકાર કેન્દ્રમાં છે. અહીં પર ઘટનાક્રમ પર નજર રાખવાની જરૂર છે. જે દિવસે વીર અભિનંદનને પાકિસ્તાનમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો ત્યારે એજ દિવસે જ્યારે મોદીને સુચના મળી ત્યારે મોદીએ સેનાના ત્રણય વડકો સાથે હાઇ લેવલ બેઠક યોજી હતી. ડરી ગયેલા પાકિસ્તાને આખરે ભયભીત થઇને અભિનંદનને છોડી મુકવાનો નિર્ણય કર્યો હતો. જો કે વિપક્ષ આ બાબતને સ્વીકારી શકે નહીં.

અનેક ઘાતક વિમાનો છે જે દુશ્મનના નાપાક ઇરાદા નિષ્ફળ કરે છે...

ભારતીય હવાઈદળ ખુબ શક્તિશાળી

પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર હુમલો કરીને ત્રાસવાદીઓએ ભારે નુકસાન પહોંચાડી દીધા બાદ ભારતીય હવાઇ દળે જે રીતે પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદીઓના અડ્ડા પર હવાઇ હુમલા કર્યા હતા તેના કારણે ભારતીય હવાઇ દળની તાકાતનો પરચો તમામને ફરી એકવાર મળી ગયો છે. વિશ્વમાં ભારતની તાકાતની નોંધ લેવાઇ છે. જે રીતે પાકિસ્તાની હવાઇ હુમલાને ભારતીય હવાઇ દળે નિષ્ફળ કર્યો અને તેના એઅક એફ-૧૬ વિમાનને પણ ફુંકી મારવામાં આવ્યુ તેનાથી ભારતની કુશળતા દેખાઇ આવે છે. ભારતીય હવાઇ દળની પાસે આજે આધુનિક મિરાજ, તેજસ, જગુઆર, મિગ વિમાનો છે. તેના શસ્ત્રાગારમાં રહેલા વિમાનો પાકિસ્તાન અને અન્ય કોઇ પણ દુશ્મન દેશના નાપાક ઇરાદા નિષ્ફળ કરી શકે છે. ઇન્ડિયા એરોનોટિક્સ લિમિટેડના યુનિટો કાનપુર, નાસિક, હૈદરાબાદ તેમજ અન્ય જગ્યાએ છે જેમાં મિંગ-૨૧ વિમાનના માળખાને તૈયાર કરવામાં આવે ચે. એન્જિનનુ નિર્માણ કરવામાં આવે છે. ઇલેક્ટ્રોનિક્સ સાધન બનાવવામાં આવે છે. રશિયાની સાથે મળીને ભારત સુખોઇ વિમાનનુ નિર્માણ પણ કરે છે. જે આકાશથી જમીન પર અચુક ટાર્ગેટને પાર પારે છે. ઇસરોના સહકાર સાથે પણ હવાઇ દળને ખાસ તાકાત મળી છે. જેના કારણે દુશ્મનની ગતિવિધી પર ચાંપતી નજર રાખવામાં આવે છે. આવનાર સમયમાં ભારતની શક્તિની વિશ્વમાં નોંધ લેવામાં આવનાર છે. સંયુક્ત રાષ્ટ્રના જુદા જુદા મિશનમાં પણ ભારતીય સેના સફળ રહી છે. કાંગોમાં પણ સફળ મિશન પાર પાડ્યા છે. ભારતમાં ૬૦થી વધારે એરબેઝ છે. જે પૈકી સૌથી વધારે પશ્ચિમ કમાન્ડમાં છે. હવાઇ દળને આ ગર્વ પણ હાંસલ છે કે તેના દ્વારા સૌથી ઉંચા એરબેઝ પર ઉડાંણ ભરવામાં સફળતા હાંસલ કરી છે. દેશની બહાર રહેલા દુશ્મનોના નાપાક ઇરાદાને નિષ્ફળ કરવા માટે તો સેના સજ્જ છે પરંતુ સાથે સાથે દેશની અંદર જ્યારે કોઇઉ કુદરતી હોનારત થાય છે ત્યારે વાયુ સેના લોકો માટે વરદાન સમાન સાબિત થાય છે. આસામમાં પુર હોય કે પછી કોઇ હિસ્સામાં ભૂકંપ હોય કે પછી અન્ય કોઇ હોનારત હોય વાયુસેના હમેંશા જોરદાર કાર્યવાહી કરે છે. વાયુ સેનાને તમામ સુવિધા આપવામાં આવી રહી છે. તેમના જવાનોને નિવૃતિ બાદ પેન્શન મળે છે. આના કરતા પણ વધુમાં જે સન્માન મળે છે જે કોઇ હિરોના મળતા નથી. જેના કારણે આજે દરેક યુવાન વિંગ કમાન્ડર અભિનંદન બનવાની ઇચ્છા ધરાવે છે. જો કે સારા ભાગ્યના કારણે જ દેશની સેવા કરવાની તક વ્યક્તિને મળે છે. ભારત અને પાકિસ્તાનની હવાઇ તાકાત અંગે માહિતી મેળવવામાં આવે તો જાણી શકાય છે કે પાકિસ્તાન કરતા ભારત પાસે અનેક ગણા વિમાનો રહેલા છે. જે તેની શક્તિનો પરિચય આપે છે. હવાઇ તાકાતની વાત કરવામાં આવે તો ભારતની પાસે કુલ ૨૧૮૫ વિમાનો રહેલા છે. જ્યારે પાકિસ્તાન પાસે ૧૨૮૧ વિમાનો રહેલા છે. જો યુદ્ધ વિમાનોની વાત કરવામાં આવે તો પાકિસ્તાન પાસે ૩૨૦ અને ભારત પાસે ૫૯૦ યુદ્ધ વિમાનો છે. આવી જ રીતે ભારતની પાસે ૮૦૪ અટેક જેટ્સ છે જ્યારે પાકિસ્તાન પાસે ૪૧૦ આવા પ્રકારના વિમાનો છે. ભારતીય વાયુસેનાના ફાઇટર જેટમાં મિરાજ ૨૦૦૦ના અરગ્રેડ વિમાનો અને સુખોઇ વિમાનો છે. મિંગ ૨૯ વિમાનો છે. સુખોઇ અને મિંગ વિમાનો રશિયામાં બન્યા છે. જ્યારે મિરાજ જેટ્સ ફ્રાન્સમાં તૈયાર કરવામાં આવ્યા છે. પાકિસ્તાનની પાસે તમામ વિમાનો છે તે પૈકી અનેક વિમાનો અપગ્રેડ કરવામાં આવ્યા નથી. ભારત પાકિસ્તાનની તુલનામાં અનેક ગણી શક્તિ ધરાવે છે. ...

કેન્સરગ્રસ્ત મહિલા ફરી માતા બનશે

આ યાદીમાં રાજયના અમદાવાદ શહેરને ટોપ ટેનમાં છઠ્ઠા નંબરનું સ્થાન મળ્યું છે. ૪૧૩૭ના સ્કોર સાથે અમદાવાદ છઠ્ઠા નંબરે રહ્યું છે. નવી દિલ્હી ૪૧૯૦ના રેક્ક સાથે પાંચમાં નંબરે રહ્યું છે. અમદાવાદના મેયરે રાષ્ટ્રપતિના હાથે એવોર્ડ સ્વિકાર્યો હતો.

રાજકોટને નવમું સ્થાન

સર્વેક્ષણમાં રાજકોટ શહેરને નવમું સ્થાન મળ્યું છે. રાજકોટને ૪૦૦૦ સ્કોર મળ્યો છે.

સ્વચ્છતા સર્વેમાં સુરતે ૧૪મો ક્રમ જાળવી રાખ્યો

આજે જાહેર કરાયેલા આંકડામાં સુરતનો ૧૪મો નંબર આવ્યો છે. જોકે, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં સમગ્ર દેશમાં સુરતે પ્રથમ સ્થાન આવ્યું છે. આ પહેલા પણ સુરત ૧૪માં ક્રમે જ રહ્યું હતું.

કયા નંબરે કયુ શહેર?

સ્વચ્છતા સર્વેક્ષણના જાહેર કરાયેલા આંકડામાં મધ્ય પ્રદેશનો ઈન્દોર સૌથી ટોપ પર રહ્યું છે. બીજા નંબરે છત્તીસગઢનું અંબિકાપુર શહેર રહ્યું છે. ત્રીજા ક્રમે કર્ણાટકનું મૈસુર અને ચોથા ક્રમે મધ્ય પ્રદેશનું ઉજ્જૈન શહેર રહ્યું છે. પાંચમાં ક્રમે દેશની રાજધાની નવી દિલ્હી રહી છે. છઠ્ઠા ક્રમે અમદાવાદ અને સાતમાં ક્રમે નવી મુંબઈ રહ્યું છે. આઠમાં નવામાં અને દશમાં ક્રમે ક્રમશઃ તિરુપતી, રાજકોટ અને દેવાસ શહેર રહ્યા છે.

આ અંતર્ગત શિક્ષણમંત્રીના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક, શુભેચ્છા પાઠવી

ધો.૧૦-૧૨ની પરીક્ષાનો આજથી પ્રારંભ, ૧૮.૫૦ લાખ વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી થશે

ધો.-૧૦નાં ૧૧,૫૯,૭૬૨, ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧,૪૭,૩૦૨, ધો.-૧૨ સામાન્ય પ્રવાહના ૫,૩૩,૬૨૬ વિદ્યાર્થીઓ નોંધાયા

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૭ માર્ચથી લેવામાં યોજનાર ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષામાં આ વખતે રેકોર્ડબ્રેક ૧૮.૫૦ લાખ વિદ્યાર્થી નોંધાયા છે. ગત વર્ષે બોર્ડની પરીક્ષામાં ૧૭.૧૪ લાખ વિદ્યાર્થીઓ હતા. આમ, ગતવર્ષ કરતા આ વખતે વિદ્યાર્થીની સંખ્યામાં ૧.૩૬ લાખનો જંગી વધારો થયો છે. આ વખતે ધો.૧૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને ધો.૧૨ સાયન્સ એમ ત્રણેયમાં વિદ્યાર્થીની સંખ્યા વધી છે. ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં તો વિદ્યાર્થીની સંખ્યામાં ૫૦ હજાર કરતા વધુનો વધારો થયો છે.

રાજયભરમાંથી ધોરણ ૧૦ની ૧૧,૫૯,૭૬૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે, ગતવર્ષે બોર્ડની ધો.૧૦ની પરીક્ષામાં ૧૧૦૩૬૭૪ વિદ્યાર્થી નોંધાયા હતા. આમ, ગતવર્ષ કરતા ધો.૧૦ના વિદ્યાર્થીની સંખ્યામાં ૫૬,૦૮૮નો વધારો થયો છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના કુલ ૧,૪૭,૩૦૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે જેની સામે ગત વર્ષે ૧૩૪૬૭૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ત્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના કુલ ૫,૩૩,૬૨૬ વિદ્યાર્થીઓની સામે ગતવર્ષે ૪૭૬૬૩૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.

આ ઉપરાંત ચાલુ વર્ષે ધો.૧૨ સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમના રિપીટર વિદ્યાર્થીની સંખ્યા ૧૦,૩૦૨ છે. ધોરણ ૧૦ની અમદાવાદ શહેરમાંથી ૬૯,૯૦૬ અને અમદાવાદ ગ્રામ્યમાંથી ૫૩,૫૮૧ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની અમદાવાદ શહેરમાં ૧૦,૩૪૧ અને અમદાવાદ ગ્રામ્યમાં ૭,૪૨૦ વિદ્યાર્થીઓ જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની અમદાવાદ શહેરમાં ૩૬,૪૮૮ અને અમદાવાદ ગ્રામ્યમાં ૨૪,૩૭૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આજથી શરૂ થતી બોર્ડની પરીક્ષામાં ગુજરાત માધ્યમિક, ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારી હાજર રહેશે. વિદ્યાર્થીઓને લઈને કહેવામાં આવ્યું હતું કે, દરેક વિદ્યાર્થીઓને પરીક્ષા સેન્ટર બહાર ૪૫ મિનિટ પહેલા પહોંચવાનું રહેશે.

આજથી શરૂ થતી બોર્ડની પરીક્ષામાં કુલ ૧૮.૫૧ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. કુલ ૬૩૬૧૫ વર્ગખંડમાંથી ૭૦૦ વર્ગખંડમાં સીસીટીવી કેમેરા નથી. જેવા વર્ગખંડોની કેમેરાના અભાવે ટેબલેટથી બાજ નજર રખાશે. આ સિવાય સુરક્ષા વ્યવસ્થાની વાત કરીએ તો સ્ટ્રોંગરૂમ બહાર ૨૪ કલાક હથિયારધારી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ વખતે પરીક્ષામાં થતી ગેરરીતિઓ અટકાવવા માટે બનતા તમામ પગલાઓ ભરવામાં આવ્યા છે. પરીક્ષાને લઈને પણ શિક્ષણમંત્રીએ વાલીઓને જણાવ્યું છે કે, તેઓ કોઈપણ અફવામાં ન આવે. સ્ટ્રોંગરૂમથી ૨૪ કલાક સીસીટીવીથી મોનિટરિંગ કરવામાં આવશે. આ સમીક્ષા બેઠકમાં રાજયમંત્રી વિભાવરી બેન દવે પણ હાજર રહ્યા હતા. આ સિવાય ગુજરાત માધ્યમિક, ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

ઈતિહાસમાં પહેલીવાર પરીક્ષા દરમિયાન સરકારી પ્રતિનિધિઓ પેપરના સ્ટ્રોંગ રૂમથી લઈને પેપર પૂરું થાય ત્યાં સુધીનો તમામ બાબતોનો ગુપ્ત અહેવાલ ડીઈઓને આપશે. આ માટે બોર્ડ દ્વારા દરેક પ્રતિનિધિને ૨૧ કોલમનું ફોર્મ આપવામાં આવશે. જેમાં સ્કૂલમાં ફોટોકોપી મશીન છે કે નહીં, સ્કૂલના ૧૦૦ મીટરના વિસ્તારમાં મશીન છે કે નહીં, સ્કૂલમાં સ્ટ્રોંગ રૂમની સુવિધા જેવા મુદ્દાનો અહેવાલ સબમિટ કરશે. પરીક્ષા દરમિયાન સ્કૂલ દ્વારા મોકલાતી સીસીટીવીની સીડી દરરોજ મોનિટરિંગ કરવા અધિકારીઓની ખાસ ટીમ તૈયાર કરાઈ છે. પરીક્ષા ખંડમાં સુપરવાઈઝરની ફાળવણી અધિકારીઓની હાજરીમાં ડ્રો દ્વારા થશે.

પ્રાથમિક શિક્ષણ નિયામકે શિક્ષકોને બોર્ડની પરીક્ષામાં જોડવા પરિપત્ર કર્યો છે. પરંતુ શિક્ષક સંઘ દ્વારા નોકરીના પાંચ વર્ષ પૂરા ન કરનારા વિદ્યાસહાયકોને પરીક્ષા પ્રક્રિયામાં જોડાવવાની છૂટ આપી હતી. જેથી વિદ્યાસહાયકોને ભવિષ્યમાં કાયમી થતા સમયે મુશ્કેલી ન નડે.

અમદાવાદ શહેરમાં એસએસસીના ૭ અને એચએસસીના ૫ એમ કુલ ૧૨ ઝોન કાર્યરત રહેશે જયારે અમદાવાદ ગ્રામ્યમાં એસએસસી અને એચએસસીમાં ૪-૪ એમ કુલ ૮ ઝોન રહેશે. ગેરરીતિ અટકાવવા તમામ વર્ગખંડો સીસીટીવીથી સજ્જ રહેશે. અમદાવાદ ગ્રામ્યમાં એસએસસી માટે ૧ અને એચએસસી માટે ૪ પરીક્ષા કેન્દ્ર સંવેદનશીલ જાહેર કરાયા છે. શાળાઓની આસપાસની ઝેરોક્ષની દુકાનો બંધ રાખવા આદેશ કરાયો છે. ત્યારે ઝોનલ રૂમને પણ સીસીટીવીની નજર હેઠળ રાખવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રો પાસેથી સીસીટીવીની સીડીઓ પણ મંગાવાવમાં આવી. ગાંધીનગર કક્ષાએથી રાજયભરમાં સ્કવોડની ટીમ કોઈ ગેરરીતીનાં થાય તેને લઈને કામગીરી કરશે.

સરકારની વધુ એક ભેટ

હવે ૨૦ લાખ સુધીની ગ્રેચ્યુઈટી પર ઈન્ટકમટેક્ષ ચૂકવવો નહિ પડે

ન્યુ દિલ્હી

લોકસભાની સામાન્ય ચૂંટણી પૂર્વે મોદી સરકારે લોકોને એક વધુ ભેટ આપી છે. કેન્દ્રીય નાણાં પ્રધાન અરુણ જેટલીએ એવી જાહેરાત કરી છે કે રૂપિયા ૨૦ લાખ સુધીની ગ્રેચ્યુઈટી પર ઈક્મટેક્સ ચૂકવવો પડશે નહીં. અગાઉ આ મર્યાદા રૂ. ૧૦ લાખ સુધીની હતી. આમ મોદી સરકારે ગ્રેચ્યુઈટી પર આવકવેરા મુક્તિની મર્યાદા બમણી કરી છે.

નાણાપ્રધાન અરુણ જેટલીએ વધુમાં જણાવ્યું હતું કે આ માટે ઈક્મટેક્સ એક્ટની કલમ-10(10)(iii) માં સુધારો કરવામાં આવશે અને આ એક્ટ હેઠળ ગ્રેચ્યુઈટીની રકમ પર ઈક્મટેક્સ મુક્તિ મર્યાદા વધારવામાં આવશે. કેન્દ્ર સરકારના આ પગલાથી જાહેર ક્ષેત્રના તમામ કર્મચારીઓ અને અન્ય કર્મચારીઓને ફાયદો થશે, જેઓ પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એક્ટ હેઠળ આવતા નથી. નાણાં પ્રધાન અરુણ જેટલીએ ક્વિટ કરીને આ સરકારના આ નિર્ણયની જાણકારી આપી હતી.

જેટલીએ વધુમાં જણાવ્યું છે કે કરમુક્ત ગ્રેચ્યુઈટીની મર્યાદા બમણી કરીને ૨૦ લાખ કરવાના નિર્ણયનો લાભ જાહેર સાહસો અને ખાનગી ક્ષેત્રોના કર્મચારીઓને પણ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ૨૦૧૯-૨૦ના વચગાળાના બજેટમાં પાંચ વર્ષથી વધુ નોકરી થઈ હોય તેવા કર્મચારીઓ માટે કરમુક્ત ગ્રેચ્યુઈટીની મર્યાદા વધારીને રૂ. ૨૦ લાખ કરવાની જાહેરાત કરવામાં આવી હતી કે જેઓ ગ્રેચ્યુઈટી એક્ટના દાયરામાં આવતા નથી.

સંસદે ગઈ સાલ જ ગ્રેચ્યુઈટી પેમેન્ટ (સુધારા) એક્ટ-૨૦૧૮ પાસ કર્યો હતો. આ સુધારા દ્વારા સરકારે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કરીને રૂ. ૨૦ લાખ સુધીની ગ્રેચ્યુઈટી કરમુક્ત કરવા અને નિયમિત સેવા અવધિ હેઠળ માતૃત્વ રજા નક્કી કરવાની સત્તા આપી હતી.

રોનાલ્ડો હતો ત્યારે મેડ્રિડે ચાર વખત ચેમ્પિયન્સ લીગ જીતી હતી

ચેમ્પિયન્સ લીગમાંથી રિયલ મેડ્રિડ બહાર, એજૈક્સે ૪-૧થી હરાવ્યું



ન્યુ દિલ્હી

ચેમ્પિયન્સ લીગના પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં એજૈક્સે રિયલ મેડ્રિડને હરાવી દીધું છે. એજૈક્સે બીજા ગેલના મેચમાં રિયલને તેના હોમગ્રાઉન્ડ પર ૪-૧થી પરાજય આપ્યો હતો. રિયલે ૧૩ વખત આ ટૂર્નામેન્ટ પોતાના નામે કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં તે ચાર ફાઈનલ જીતી પરંતુ આ વખતે ટીમ અંતિમ-૮માં પહોંચી શકી નથી. રિયલ નવ વર્ષ બાદ ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવવામાં નિષ્ફળ રહી છે. છેલ્લે ૨૦૧૦માં તેને લિયોને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં હરાવ્યું હતું. ટીમના સ્ટાર મિડફીલ્ડર લુકા મોડ્રિચે કહ્યું કે, અમને ક્રિસ્ટિયાનો રોનાલ્ડનો ખોડ પડી છે.

મેડ્રિડે ગત વર્ષે રોનાલ્ડોને યુજવેન્ટ્રને વહેંચી દીધો હતો. રોનાલ્ડોએ યુજવેન્ટ્ર માટે ૨૬ મેચમાં ૧૯ ગોલ કર્યા છે. તેની ટીમ ઈટાલિયન ફુટબોલ લીગ સીરી-એમાં કોઈપણ મેચ હારી નથી. તો રોનાલ્ડોએ મેડ્રિડ માટે ૨૦૦૯થી ૨૦૧૮ સુધી ૨૯૨ મેચોમાં ૩૧૧ ગોલ કર્યા હતા. તે ટીમમાં હતો ત્યારે ટીમે ૨૦૧૪, ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮માં ચેમ્પિયન્સ લીગનું ટાઈટલ જીત્યું હતું.

રોનાલ્ડો ગયા બાદ રિયલનું પ્રદર્શન ખરાબ થયું છે. તે સ્પેનિશ ફુટબોલ લીગ લા લીગામાં ત્રીજા સ્થાન પર છે. પ્રથમ સ્થાન પર રહેલા બાર્સિલોનાથી ૧૨ પોઈન્ટ પાછળ છે. તેનાથી તેની ટૂર્નામેન્ટ જીતવાની સંભાવના ઓછી છે. રિયલ કોપા ડેલ રે કપમાંથી પણ બહાર થઈ ગયું છે. તેને સેમીફાઈનલમાં બાર્સિલોનાએ હરાવ્યું હતું. છેલ્લા એક સપ્તાહમાં બાર્સિલોના સામે તે બે વાર હોમગ્રાઉન્ડ બર્નબેઉમાં હાર્યું છે. કોપા ડેલ રે કપ બાદ હવે ચેમ્પિયન્સ લીગમાંથી પણ બહાર થઈ ગયું છે.

મેચમાં પ્રથમ ગોલ એજૈક્સ માટે હાકિમ જિયાચે ૭મી મિનિટે કર્યો હતો. ત્યારબાદ ડેવિડ નીરેસે ૧૮મી અને ડુસન ટડિચે ૬૨મી મિનિટે ગોલ કરીને ટીમને ૩-૦ની લીડ અપાવી હતી. રિયલ માટે માર્કો એસેંસિયોએ ૭૦મી મિનિટે ગોલ કરીને સ્કોર ૩-૧ કર્યો હતો. એજૈક્સના લાસે શોનેએ ૭૨મી મિનિટમાં ગોલ કરીને નિર્ણાયલ ૪-૧ની લીડ મેળવી લીધી હતી.

ચાર વખતની ચેમ્પિયન્સ લીગ વિજેતા ટીમ એજૈક્સ ૧૬ વર્ષ બાદ ક્વાર્ટરફાઈનલમાં પહોંચી છે. છેલ્લે ૨૦૦૩માં તે અંતિમ-૮માં પહોંચી હતી. એજૈક્સની ટીમ ૧૯૯૫ બાદ ક્યારેય ટ્રોફી જીતી શકી નથી. તેને કેપ્ટન મૈથિજ ડી લિગટે જીત બાદ કહ્યું, અમે જાણતા હતા કે આ પરિણામ હાસિલ કરવું સંભવ છે. ટીમને ખ્યાલ હતો કે તમામ ખેલાડી પોતાની ક્ષમતા પ્રમાણે રમે તો કોઈપણ વિપક્ષી ટીમ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે.



નાગપુરમાં ઓસ્ટ્રેલિયા સામેની વન-ડેમાં ભારતની ફીલ્ડિંગ દરમિયાન એક યુવાન મેદાન પર ધોનીને ભેટવા તેની તરફ દોડી આવ્યો હતો. દોડવામાં ઝડપી ધોનીએ પહેલાં તો તેને ખૂબ હંફાવ્યો હતો, પણ પછી ઊભા રહી જતાં યુવાન તેને ભેટ્યો હતો અને તેને પગે પણ લાગ્યો હતો. પછીથી સલામતી રક્ષકો ધોની માટે સુરક્ષા કવચ બની ગયા હતા.

સ્ટોઇનિસ અનલકી... જેટલી વાર બનાવ્યો ૫૦+ સ્કોર, ઓસ્ટ્રેલિયાને મળી હાર

નાગપુર

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ મંગળવારે રમાયેલી વનડે આંતરરાષ્ટ્રીય સિરીઝના બીજા મેચમાં ભારતે ૮ રને જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ મળ્યા બાદ વિરાટ કોહલીની ૪૦મી સદીની મદદથી ૨૫૦નો સ્કોર બનાવ્યો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમ મેચમાં નજીક પહોંચી પરંતુ તે અંતિમ ઓવરમાં ૨૪૨ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઈનિસે સૌથી વધુ ૫૨ રન બનાવ્યા પરંતુ તે ટીમને જીત ન અપાવી શક્યો. આંકડાની વાત કરીએ તો આ ઓલરાઉન્ડરનો ૫૦+નો સ્કોર ઓસ્ટ્રેલિયન ટીમ માટે અનલકી રહ્યો છે.

વનડે આંતરરાષ્ટ્રીયમાં સ્ટોઈનિસે છ વખત અડધી સદી અને એક સદી ફટકારી છે. પરંતુ તે અજબ સંયોગ છે કે જ્યારે આ ખેલાડી ૫૦+નો સ્કોર બનાવે છે તો તેની ટીમે હારનો સામનો કરવો પડે છે.

સ્ટોઈનિસે વનડેમાં એક સદી ફટકારી છે. તેણે



૨૦૧૭માં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૧૪૬ રન બનાવ્યા હતા. આ મેચમાં ઓસ્ટ્રેલિયાનો ૬ રને પરાજય થયો હતો. આ મેચમાં ન્યૂઝીલેન્ડે ૨૮૬ રન બનાવ્યા જ્યારે સ્ટોઈનિસની સદીની મદદથી ઓસ્ટ્રેલિયા ૨૮૦ રન બનાવી શક્યું હતું. સ્ટોઈનિસે અત્યાર સુધી સાત વખત (નાગપુર મેચ સહિત) ૫૦+નો સ્કોર બનાવ્યો છે અને દર વખતે ઓસ્ટ્રેલિયાએ હારનો સામનો કરવો પડ્યો છે.

માર્કસ સ્ટોઈનિસનો ૫૦+ સ્કોર

૧૪૬★ vs ન્યૂઝીલેન્ડ, ૨૦૧૭ (ઓસ્ટ્રેલિયા ૬ રનથી હાર્યું)

૬૨★ vs ભારત ૨૦૧૭ (ઓસ્ટ્રેલિયા ૫૦ રનથી હાર્યું)

૬૦ vs ઈંગ્લેન્ડ (ઓસ્ટ્રેલિયા ૫ વિકેટથી હાર્યું)

૫૬ vs ઈંગ્લેન્ડ (ઓસ્ટ્રેલિયા ૧૬ રનથી હાર્યું)

૮૭ vs ઈંગ્લેન્ડ (ઓસ્ટ્રેલિયા ૧૨ રનથી હાર્યું)

૬૩ vs સાઉથ આફ્રિકા, ૨૦૧૮ (ઓસ્ટ્રેલિયા ૪૦ રનથી હાર્યું)

૫૨ vs ભારત ૨૦૧૯ (ઓસ્ટ્રેલિયા ૮ રનથી હાર્યું)

૮૩'માં મદનલાલનું પાત્ર સંગીતકાર હાર્ડી સંધૂ ભજવશે

મુંબઈ

ગાયક હાર્ડી સંધૂ, જે પૂર્વ અંડર-૧૯ ક્રિકેટર રહી ચૂક્યા છે, તે હવે કબીર ખાનની ૮૩માં ઓલરાઉન્ડર મદનલાલનું મોટા પડદા પર ભજવવા માટે તૈયાર છે, જેમણે ૧૯૮૩ વર્લ્ડ કપ ફાઈનલમાં બધી મહત્વપૂર્ણ વિકેટ પર કબજો જમાવ્યો હતો. આ ફિલ્મની સાથે ગાયક-સંગીતકાર હાર્ડી સંધૂ બોલીવુડમાં પોતે ડેબ્યૂ કરી રહ્યા છે.


૧૯૮૩ના વર્લ્ડ કપ ફાઈનલ દરમિયાન સર વિવિયન રિચર્ડ્સની મહત્વપૂર્ણ વિકેટ લેનાર પૂર્વ ક્રિકેટર મદનલાલ, વિશ્વ કપ ફાઈનલમાં મોહિંદર અમરનાથની સાથે સૌથી વધુ વિકેટ લેનાર બોલર પણ



હતા, બંનેએ ત્રણ-ત્રણ વિકેટ પોતાના નામે કરી હતી.

નિર્માતા કબીર ખાનની ફિલ્મમાં પૂર્વ ક્રિકેટરની ભૂમિકા ભજવવાને લઈને હાર્ડિ સંધૂએ જણાવ્યું હતું કે ''એમ્મી વિર્ક, જે ફિલ્મમાં બલવિંદર સિંહ સંધૂની ભૂમિકા ભજવી રહ્યા છે, સાથે જ ટીમમાંથી એક અન્ય કોચે આ પાત્ર માટે મારા નામની ભલામણ કરી હતી. હું અંડર-૧૯ અને રણજી ટ્રોફીમાં રમી ચૂક્યો છું. કબીર સરે અંતિમ લેતાં પહેલાં મને ભૂમિકા માટે તૈયાર થવા માટે સાત દિવસનો સમય આપ્યો હતો. પોતાના પાત્રને બારીકાઈપૂર્વક સમજવા માટે હાર્ડી સંધૂ મોટા પડદે મદનલાલના વીડિયો જોઈને તેમની રીત-ભાત શિખવાનો પ્રયત્ન કરતા હતા. રસપ્રદ વાત એ છે કે બેંગલુરૂના રાષ્ટ્રિય શિબિરમાં પસાર કરવામાં આવેલા સમય દરમિયાન હાર્ડી સંધૂએ સર મદન લાલે પોતે ટ્રેન કર્યા હતા.

ગુપચુપ લગ્ન વિરાટ-અનુષ્કાએ નકલી નામ રાખ્યા'તા..!!



મુંબઈ

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીએ ઈટાલીમાં ગુપચુપ રીતે લગ્ન કરી લીધાં છે, તેમાં માત્ર ખાસ મિત્રો અને સંબંધીઓને જ આમંત્રણ હતું. તેમણે લગ્નને અતિશય ગુપ્ત રાખવા માટે ખૂબ જ તૈયારી કરી હતી, જેમાં તેઓ સફળ પણ થયાં હતાં.

તાજેતરમાં એક મેગેઝિનને આપેલા ઈન્ટવ્યૂમાં અનુષ્કાએ કહ્યું કે લગ્નની જાણકારી માત્ર પરિવાર-વેડિંગ પ્લાનર અને સ્ટાઈલિસ્ટને હતી, તેને ગુપ્ત રાખવા માટે અમે નકલી નામનો ઉપયોગ કર્યો હતો. અનુષ્કા કહે છે કે જ્યારે લગ્ન માટે કેટરર્સ બુક કરવાની વાત આવી ત્યારે અમે નકલી નામનો ઉપયોગ કર્યો હતો. વિરાટને અમે રાહુલ નામ આપ્યું હતું.

અમે ડિઝાઈનર સબ્યસાચી સાથે થયેલી મિટિંગને પણ ગુપ્ત રાખી હતી, કેમ કે અમે ખૂબ જ સાધારણ રીતે લગ્ન કરવા ઈચ્છતાં હતાં. અમે ઈચ્છતાં ન હતાં કે સેલિબ્રિટીઝ કે મીડિયાનો જમાવડો ત્યાં થાય. લગ્નમાં માત્ર ૪૨ લોકો હાજર હતા. અમે જેવો માહોલ ઈચ્છતાં હતાં બિલકુલ તેવો જ માહોલ ત્યાં હતો. વિરાટ અને અનુષ્કા જે પ્રકારનાં લગ્ન ઈચ્છતાં હતાં તે જ રીતે લગ્ન થયાં હતાં. લગ્નના ફોટો શેર કરીને આ જોડીએ બધાંને ચોંકાવી દીધાં હતાં. બંનેની લવસ્ટોરીની વાત કરીએ તો તેમની મુલાકાત એક ટીવી વિજ્ઞાપનના શૂટિંગ દરમિયાન થઈ હતી. ત્યાર બાદ તેઓ ૧૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ લગ્નના બંધનમાં બંધાઈ ગયાં હતાં.

કોહલીનો ઘટસ્ફોટ: ધોની-રોહિતે શંકરને બોલિંગ આપવાથી મને રોક્યો હતો

નાગપુર

ઓસ્ટ્રેલિયા સામે બીજી વનડેમાં સદી ફટકારનારા ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ કહ્યું કે તે ૪૬મી ઓવરમાં વિજય શંકરને બોલ આપવા માંગતો હતો, પરંતુ પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની અને ઉપકમાન રોહિત શર્માએ તેને રોક્યો હતો. 'મેન ઓફ ધ મેચ' કોહલીએ ૧૨૦ બોલમાં ૧૧૬ રનની ઈનિંગ રમી હતી, જ્યારે ડેથ ઓવર્સમાં ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું. ભારતે આ મેચ ૮ રનોથી જીતી હતી. વિજય શંકરે અંતિમ ઓવરની પહેલી ૩ બોલમાં ૨ વિકેટ ઝડપી હતી.

કોહલીએ મેચ બાદ કહ્યું કે, "હું ઓસ્ટ્રેલિયાની બેટિંગ દરમિયાન ૪૬મી ઓવર શંકરને આપવા ઈચ્છતો હતો, પરંતુ ધોની અને રોહિતે મને જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ શમી સાથે બોલિંગ ચાલુ રાખવાની શરૂ આપી હતી. તેમનું કહેવું હતું કે જો અમે કેટલીક વિકેટ નીકાળી લઈએ છીએ તો મેચમાં બનેલા રહીશું અને આવુ જ રહેશે. બુમરાહે સ્ટંપની લાઈનમાં બોલિંગ કરી અને આ કામે આવ્યું. રોહિત પાસેથી સલાહ લેવી હંમેશા સારી રહે છે. તે ટીમનો ઉપકમાન છે અને ધોની લાંબા સમય સુધી આ કામ કરતા આવી રહ્યા છે.

ડેથ ઓવરમાં બોલિંગ કરવાનો આનંદ આવ્યોઃ વિજય શંકર

નાગપુર

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ મંગળવારે રમાયેલી બીજી વનડે મેચમાં ભારતને આઠ રને રોમાંચક જીત અપાવનાર ઓલરાઉન્ડર ખેલાડી વિજય શંકરે કહ્યું કે, તે આ તકની શોધમાં હતો અને દબાવમાં સારૂ પ્રદર્શન કરવા ઈચ્છતો હતો. ભારતે વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા ૪૮૦૨ ઓવરમાં ૨૫૦ રનનો સ્કોર બનાવ્યો અને પછી ઓસ્ટ્રેલિયાને ૪૯.૩ ઓવરમાં ૨૪૨ રન પર રોકી દીધું હતું. ભારતે ઓસ્ટ્રેલિયાને ૮ રનથી હરાવીને પાંચ વનડે મેચોની સિરીઝમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે.

ઓસ્ટ્રેલિયાને અંતિમ છ બોલમાં જીત માટે ૧૧ રન બનાવવાના હતા અને બોલ શંકરના હાથમાં હતો. શકરે ૫૦મી ઓવરના પ્રથમ બોલ પર માર્કસ સ્ટોઈનિસ (૫૨)ને એલબીડબ્લ્યુ આઉટ કરીને



ભારતની જીત લગભગ પાક્કી કરી દીધી હતી. ત્યારબાદ તેણે ત્રીજા બોલે એડમ ઝમ્પા (૨)ને બોલ્ડ કરીને ભારતને ૮ રને રોમાંચક જીત અપાવી હતી.

શંકરે મેચ બાદ કહ્યું, મારા માટે આ એક શાનદાર તક હતી. ઈમાનદારીથી કહું તો હું આ પ્રકારની તકની શોધ કરી રહ્યો હતો. હું દબાવમાં સારૂ પ્રદર્શન કરવા ઈચ્છતો હતો. ડેથ ઓવરમાં બોલિંગ કરવાનો આનંદ આવ્યો. હું મારી જાતને કહી રહ્યો હતો કે છેલ્લી ઓવર મારે કરવાની છે. હું પડકાર માટે તૈયાર હતો. શંકરે ૧૫ રન આપીને બે વિકેટ ઝડપી હતી. તેણે ૪૬ રન પણ બનાવ્યા હતા. તેણે કહ્યું, તમે જ્યારે દેશ માટે રમો ત્યારે આવા પડકાર માટે તૈયાર રહેવાની જરૂર હોય છે. છેલ્લી ઓવરમાં માત્ર માનસિક રીતે સ્પષ્ટ રહેવાની જરૂર હતી. મારે માત્ર યોગ્ય જગ્યાએ બોલ ફેંકવાનો હતો મેં તે કહ્યું હતું. મને મારા પર વિશ્વાસ હતો.

સીઓએએ રાહુલ-પંડ્યાનો કેસ મને ટ્રાન્સફર નથી કર્યોઃ ડીકે જૈન

ન્યુ દિલ્હી

બીસીસીઆઈના લોકપાલ ડીકે જૈને કહ્યું હતું કે કમિટી ઓફ એડમિનિસ્ટ્રેશનએ લોકેશ રાહુલ અને હાર્દિક પંડ્યાનો કેસ તેમને ટ્રાન્સફર નથી કર્યો. સુપ્રીમ કોર્ટે ડીકે જૈનને ગયા મહિને બીસીસીઆઈના લોકપાલ બનાવ્યા હતા. તેમને બોર્ડના અંદરના મામલાઓનું સોલ્યુશન લાવવા માટેનું કામ સોંપવામાં આવ્યું હતુ. જૈને કહ્યું કે, ' મેં હજી સુધી કોઈ મામલો હાથમાં લીધો નથી. સીઓએ ઈચ્છશે અને



કોઈ કેસ રીફર કરશે તો હું તે હાથમાં લઈશ.' હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલ ઉપર કરણ જોહરના ચેટ શોમાં મહિલાઓ ઉપર આપત્તીજનક ટિપ્પણી કરવાનો આરોપ હતો. તેના લીધે બીસીસીઆઈએ તે બંને ઉપર પ્રતિબંધ લગાવ્યો હતો. જોકે પછીથી તે પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો. હાર્દિક પંડ્યા અત્યારે ઈજાગ્રસ્ત છે, જ્યારે લોકેશ રાહુલ ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરીઝમાં સ્ક્વોડનો ભાગ છે.

ડાંગ જિલ્લામાં માનધન યોજનામાં કુલ ૩૮૪૫ શ્રમયોગીઓ જોડાયા

શ્રમયોગીઓને યોજનામાં જોડાવા જાહેર અપીલ

આહવા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સંવેદનશીલતાને કારણો છેવાડાના શ્રમયોગીઓને પણ પેન્શન પુરૂ પાડવાની માનવતાવાદી યોજનાનો આજે શુભારંભ થઇ રહ્યો છે તેમ જણાવી વલસાડના સાંસદશ્રી ડૉ.કે.સી.પટેલે શ્રમયોગીઓને સન્માન આપતી આ યોજનાનો વધુમાં વધુ લોકોને લાભ લેવાનો અનુરોધ કર્યો હતો.

છેવાડાના માનવીઓ માટે સતત ચિંતા સેવતા વડાપ્રધાનશ્રી દ્વારા વંચિતોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓનો શુભારંભ કરાયો છે ત્યારે, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સહિતની કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓનો લાભ લઇને સૌ પ્રજાજનોને સૌના સાથ-સૌના વિકાસમાં સહભાગી થવાનો પણ સાંસદ શ્રી પટેલે આ વેળા અનુરોધ કર્યો હતો.

આહવા ખાતે યોજાયેલા પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાના શુભારંભ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સાંસદશ્રી સહિતના મહાનુભાવોએ ડાંગ જિલ્લામાં આ યોજનાનો શુભારંભ કરાવતા, લાભાર્થીઓને યોજનાકિય કાર્ડનું પણ વિતરણ કર્યું હતું.

છેવાડાના માનવીઓ માટે આશીર્વાદરૂપ પુરવાર થનારી આ યોજનામાં મોટે પાયે જોડાઇને આર્થિક રીતે સધિયારો મેળવાનું આહ્વાન કરતા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી બીબીબેન ચૌધરીએ યોજનાનો લાભ દરેક જરૂરિયાતમંદોને લેવા માટે અનુરોધ કર્યો હતો.

શ્રમયોગી જેવા મહેનતકશ પ્રજાજનોને પણ પાછલી ઉંમરે આર્થિક સહાય પુરી પાડતી આ યોજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની ખૂબ જ મહત્વકાંક્ષી યોજના છે તેમ જણાવતા ડાંગ કલેક્ટર શ્રી એન.કે.ડામોરે, ડાંગના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને તેનો સમયસર લાભ લેવાની અપીલ કરી હતી. જિલ્લા વહિવટી તંત્રના સંબંધિત વિભાગોના કર્મચારી/અધિકારીઓની છેલ્લા પંદરેક દિવસના રાતદિવસના પરિશ્રમને બિરદાવી કલેક્ટર શ્રી ડામોરે જિલ્લામાં તા.૪થી માર્ચ, ૨૦૧૯ સુધીમાં ૩,૮૪૫ જેટલા લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાયુ હોવાનું પણ જણાવ્યું હતું.

પ્રાસંગિક વક્તવ્યમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.ચ.કે.વઢવાણિયાએ યોજનાની સૂક્ષ્મ વિગતો રજુ કરીને સૌને તેમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો.

આહવાના ડાંગ સ્વરાજ આશ્રમ સ્થિત ટીમ્બર હોલ ખાતે યોજાયેલા શુભારંભ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા વાપી/વલસાડના લેબર ઓફિસર શ્રી એસ.એસ.શાહે યોજનાની રૂપરેખા આપી હતી. કાર્યક્રમના અંતે એકલવ્ય મૉડેલ સ્કૂલના શિક્ષક શ્રી માવજીભાઇ ભોયેએ આભારવિધી આટોપી હતી.

ઉલ્લેખનિય છે કે, પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત તા.૪થી માર્ચ ૨૦૧૯ સુધીમાં ડાંગ જિલ્લામાં ૩,૮૪૫ જેટલા લાભાર્થીઓનું ઑનલાઇન રજીસ્ટ્રેશન થવા પામ્યું છે. જ્યારે પાત્રતા ધરાવતા અન્ય લાભાર્થીઓ ડાંગ જિલ્લાની જુદી જુદી ગ્રામ પંચાયતો ખાતે કાર્યરત કોમન સર્વિસ સેન્ટર ખાતે તેમના નામની નોંધણી કરાવી શકે છે. નામ નોંધાવવા માટે લાયક લાભાર્થીઓએ તેમના આધાર કાર્ડ સહિત બેંક એકાઉન્ટની વિગતો, ઓ.ટી.પી. માટે મોબાઇલ ફોન, આધાર કાર્ડમાં જન્મતારીખ દર્શાવેલી ન હોય તો જન્મતારીખનો પુરાવો તથા પ્રથમ હપ્તો ભરવા માટેની રકમ સાથે રૂબરૂ ઉપસ્થિત રહેવુ જરૂરી છે.

ઝેડઆરયુસીસીના સભ્ય તરીકે સતીષભાઈ મૈસુરીયાની વરણી

સુરત

સુરત શહેરની જનતાના રેલવે સંબંધિત પ્રશ્નોના નિરાકરણ અને સુવિધાઓ માટે સુરત શહેર ભારતીય જનતા પાર્ટી-યુવા મોરચાના ઉપપ્રમુખ અને પૂર્વ સ્ટેશન સલાહકાર સમિતિના સભ્ય એવા સતીષભાઈ મૈસુરીયાની ઝેડઆરયુસીસીમાં નિમણૂંક કરવામાં આવી છે. જેઓ વર્ષ ૨૦૧૫-૧૬ થી સુરત શહેર ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ તેમજ વર્ષ ૨૦૧૭-૧૮માં સુરત રેલવે સ્ટેશન સલાહકાર સમિતિમાં સભ્ય પદે રહી ચૂક્યા છે.

પશ્ચિમ રેલવેમાં ઝેડઆરયુસીસી સભ્ય પદે નિમણૂંક બદલ સુરત ભાજપના અગ્રણી કાર્યકર્તાઓ અને શુભેચ્છકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. આ તકે સતીષ મૈસુરીયાએ સાંસદ દર્શનાબેન જરદોશ અને સૌ કાર્યકર્તા અને શુભેચ્છકોનો ખૂબ ખૂબ આભાર માન્યો છે.

વોચમેને એલપીજી ગેસ પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી

સુરત

સુરત સિવિલ હોસ્પિટલમાં આપઘાતના પ્રયાસનો અજબ-ગજબ કેસ સામે આવ્યો છે. અહીં એક નેપાળી વોચમેને લિક્વીફાઇડ પેટ્રોલિયમ ગેસ પી લઈને આપઘાતનો પ્રયાસ કર્યો છે. વોચમેનને હોસ્પિટલ લાવવામાં આવતા શરૂઆતમાં તબીબો પણ ચોંકી ઉઠ્યા હતા. હાલ સિવિલ ખાતે યુવકની સારવાર ચાલી રહી છે. યુવકની હાલત નાજુક હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

બનાવની વિગતે વાત કરીએ તો સુરતના રુસ્તમપુરામાં વોચમેનની નોકરી કરતા એક નેપાળીએ એલપીજી સિલિન્ડરમાંથી ગેસ પી લઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિવારના ધ્યાનમાં આ વાત આવી જતા વોચમેનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પુરન નામના વોચમેનનો કેસ સાંભળીને શરૂઆતમાં સિવિલના ડોક્ટરો પણ ચોંકી ગયા હતા.

લોકોના જણાવ્યા પ્રમાણે પુરન નામનો વ્યક્તિ રુસ્તમપુરા ખાતે આવેલા એક એપાર્ટમેન્ટમાં વોચમેન તરીકે નોકરી કરતો હતો. રાત્રે પુરન દારૂ પી ગયો હતો. આ દરમિયાન તેણે ગેસના બાટલાની નળી પોતાના મોઢામાં નખી હતી અને રેગ્યૂલેટર ચાલુ કરી દીધું હતું. પુરન સુરત શહેરમાં પત્ની અને ત્રણ સંતાન સાથે રહે છે.

પરિવારના ધ્યાનમાં આ વાત આવતા તેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સુરત સિવિલના ડોક્ટરોનું કહેવું છે કે આવા કેસમાં શું પરિણામ આવશે તે કહેવું મુશ્કેલ છે. હાલ પુરનને ઓક્સિજન આપી ભાનમા લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ડોક્ટરના કહેવા પ્રમાણે ભાગ્યે જ આવા કેસ બનતા હોય છે જ્યાં કોઈ એલપીજી ગેસ પી ગયું હોય.

સુરતના ૪૦૦ યુવક મંડળોને રમત ગમત કીટ્સ અર્પણ કરતા સામાજિક મંત્રી પરમાર

બારડોલી ટાઉન હોલમાં યોજાયેલા કાર્યક્રમ

સુરત

યુવાનોમાં દેશદાઝની ભાવના જાગૃત થાય તેમજ આજનું યુવાધન રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયને વિશ્વમાં ભારતનું નામ રોશન કરે તેવા આશયથી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્ય યુવક બોર્ડ પ્રેરીત સુરત જિલ્લાના ૪૦૦ જેટલા સ્વામી વિવેકાનંદ યુવા મંડળોને વોલીબોલ અને ક્રિકેટની કિટ્સ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે બારડોલીના ટાઉન હોલ ખાતે એનાયત થઈ હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યુવાનોમાં રાષ્ટ્રીય એકતાની ભાવના પ્રબળ બને સાથે તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય તેવા આશયથી સ્વામી વિવેકાનંદ મંડળોની રચના કરવામાં આવી છે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં જિલ્લાના ૪૦૦ મંડળોને રમત ગમતની કિટ્સ એનાયત થઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો યુવાનો પ્રસાર કરીને છેવાડાના માનવીઓ સુધી લઈ જવાનો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો. સ્વામી વિવેકાનંદના જીવનમાંથી પ્રેરણા લઈને આજના યુવાનો રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું યોગદાન આપે તેવી હિમાયત તેમણે કરી હતી.

આ પ્રસંગે બારડોલી નગરપાલિકાના પ્રમુખશ્રી ગણેશભાઈ ચૌધરી, પક્ષના મહામંત્રી અને યુવક મંડળના વાલીશ્રી સંદિપભાઈ દેસાઈ, જિલ્લા સંયોજનકશ્રીમતિ ઈરવાબેન શુકલ, અગ્રણીશ્રી અકુરભાઈ દેસાઈ, ભરતભાઈ, અજીતભાઈ, અરવિંદભાઈ, જિલ્લા રમતગમત અધિકારી ગ્રામ્યશ્રી વિરલ પટેલ તથા દિનેશ કદમ, પ્રાત યુવા વિકાસ અધિકારીશ્રી વિષ્ણુભાઈ ચૌધરી તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સેલફોન પર બીભત્સ વીડિયો મોકલનારને મહિલાએ ચંપલથી ફટકાર્યો

સુરત

કામરેજમાં એક વ્યક્તિની એક મહિલા ચંપલથી ધોલાઈ કરતી હોવાનો વીડિયો સામે આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે વ્યક્તિ ઘણા સમયથી મહિલાને પરેશાન કરતો હતો. આખરે મહિલાએ પિત્તો ગુમાવતા આ વ્યક્તિની તેની ઓફિસમાં જઈને ધોલાઈ કરી હતી.

મહિલાએ આરોપ લગાવ્યો છે કે વ્યક્તિ તેને તેના સેલફોન પર બીભત્સ વીડિયો મોકલતો હતો તેમજ તેની પાસે અયોગ્ય માંગણી કરતો હતો. મહિલાના હાથનો માર ખાનાર વ્યક્તિનું નામ પ્રવીણ ધોરાજીયા હોવાનું માલુમ પડ્યું છે. આ વ્યક્તિ કામરેજમાં એક એનજીઓ ચલાવતો હોવાનું પણ સામે આવ્યું છે.

મહિલાએ પ્રવીણની ઓફિસમાં પહોંચીને તેની સાથે મારપીટ કરી હતી. મહિલાએ ધોલાઈ પહેલા પુરાવારૂપે પ્રવીણે તેને મોકલેલા વીડિયો બતાવ્યા હતા. ઓફિસમાં માર માર્યા બાદ પ્રવીણને જાહેરમાં રસ્તા પર લઈ જઈને પર ઠમઠોર્યો હતો.

બાદમાં મહિલા તેને કારમાં બેસાડીને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જોકે, કામરેજ પોલીસના જણાવ્યા પ્રમાણે તેમને આવી કોઈ જ ફરિયાદ મળી નથી. વીડિયોમાં જોઈ શકાય છે કે વ્યક્તિ તેની ઓફિસમાં સોફા પર બેઠો છે. આ સમયે એક મહિલા બેથી ત્રણ પુરુષો સાથે પ્રવેશે છે અને તેની સાથે મારપીટ કરે છે. મહિલા તેને સતત ચંપલથી મારી રહી છે. જ્યારે તેની સાથે રહેલા વ્યક્તિઓ પણ તેની સાથે મારપીટ કરે છે. સામે આવેલા વીડિયો પરથી લાગી રહ્યું છે કે વ્યક્તિ મહિલાને આઈ લવ યૂ જેવા મેસેજ તેમજ વીડિયો અને ફોટોગ્રાફ્સ મોકલી રહ્યો હતો. હાલ સુરત શહેરમાં આ બનાવે ખૂબ જ ચર્ચા જગાવી છે.

માજી ધારાસભ્ય લિખિત પુસ્તક 'સીધો મારગ'નો વિમોચન સમારંભ

પૂ. મોરારી બાપુ, મુખ્યમંત્રી રૂપાણી વગેરે કાર્યક્રમમાં હાજરી આપશે

સુરત

સુરતથી ચૂંટાયેલા રાજ્યના માજી ધારાસભ્ય અને રાજ્ય કક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણીએ તેઓના ૨૫ વર્ષના રાજકીય જીવનમાં કરેલ કાર્યો, કામ કરવાની તેઓની પદ્ધતિ અને વિચારધારાનું ''સીધો મારગ'' નામથી પુસ્તક લખેલ છે. ઉપરોક્ત પુસ્તકના વિમોચનનો ભવ્ય કાર્યક્રમ તા.૭-૩-૨૦૧૯ને ગુરૂવારના રોજ એચ.કે.હબ, ગુજરાત હીરા બુર્સ, જેમ એન્ડ જ્વેલરી પાર્ક, પાલ-હજીરા રોડ, ઈચ્છાપોર સુરત ખાતે સવારના ૯.૦૦ કલાકે આયોજિત કરવામાં આવેલ છે. પુસ્તક વિમોચન રામાયણના પ્રખ્યાત કથાકાર પરમ પૂજ્ય મોરારી બાપુના વરદ હસ્તે રાખવામાં આવેલ છે. કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા રાજ્ય કક્ષાના મંત્રી કુમારભાઈ કાનાણી ખાસ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ સમાજના આગેવાનો અને કાર્યકરો ઉત્સાહભેર કાર્ય કરી રહ્યા છે.

કાર્યક્રમનું આયોજન સુરત શહેરના વિવિધ ક્ષેત્રો જેવા કે સામાજિક, વ્યવસાયિક, શૈક્ષણિક, સાહિત્ય અને કલા જગતના ૪૪ આગેવાનોની બનેલ ''સીધો મારગ'' પુસ્તક વિમોચન સમિતિ કે જેના અધ્યક્ષ પદે સુરતના પ્રથમ નાગરિક મેયર ડૉ. જગદીશભાઈ પટેલ છે.

''સીધો મારગ'' પુસ્તકમાં નાનુભાઈ વાનાણીએ તેમના કાર્યો, કાર્યપદ્ધતિ અને વિચારો જેવા કે સામાજિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક, કાર્યો જેવા કે રાજકીય, સામાજિક, સેવાકીય, સંસ્થાકીય, કુદરતી આપત્તિઓ, ખેડૂતો માટે, ગરીબો માટે ઉપરાંત કામ કરવાની પોતાની પદ્ધતિ, પોતાની પ્રકૃતિ, લોકસંપર્ક કરવાની પદ્ધતિ, મંત્રી તરીકે કરેલ કામગીરી, સમગ્ર સુરત શહેરના વિકાસ માટે કરેલ કામગીરી રાજકીય સંઘર્ષ વગેરેનું વિસ્તૃત અનુભવ સિદ્ધ ચારસો પેજમાં શબ્દચિત્ર રજૂ કરેલ છે.

દેવપ્રયાગ રેસીડેન્સીના ફલેટ હોલ્ડરો સાથે વીરડિયા બિલ્ડર દ્વારા ઠગાઈ

ફલેટ હોલ્ડરોના નામે જુદી-જુદી બેંકોમાંથી બિલ્ડરે રૂા. ૧૧ કરોડની લોન લીધી

સુરત

સિંગણપોર કોઝવે રોડ દેવપ્રયાગ રેસીડેન્સી ખાતે ચારેક બેંકો પાસેથી ખોટી રીતે લીધેલી મોટી રકમનીલોન લઈને ભરપાઈ કરી ફલેટ હોલ્ડરો સાથેડ બિલ્ડર અશ્વિન લાલુનુંવીરડિયા તથા જયંતી રણછોડ પટેલે છેતરપિંડી કરી હોવાનો બનાવ બહાર આવવા પામ્યો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર વરાછા પોલીસ સ્ટેશન વિષ્ણુ ચેમ્બર્સ ખાતે આવેલી મેસર્સ આશ્મી એન્ટરપ્રાઈઝના અશ્વિની વીરડીયા, હરેન લાલજી વીરડિયા, રીટાબેન વીરડિયા, અસ્મીતાબેન વીરડીયા, સવિતાબેન વીરડીયા, લાલજીભાઈ વીરડિયા, રામજી વીરડિયા, જયંતીલાલ પટેલ, રસીકલાલ પટેલ તથા ધોડદોડ રોડ વિલ્સન ટાવર ફલેટ નંબર-૪૦૬માં રહેતા અનુરાધા જયંતીલાલ પટેલે સિંગણપોર કોઝવે રોડ પર આવેલી દેવપ્રયાગ રેસીડેન્સીના ફલેટ હોલ્ડરોના નામે અલ્હાબાદ બેન્ક, નાસીક મર્ચન્ટસ બેન્ક, યુનિયન બેન્ક, પંજાબ નેશનલ બેન્કમાંથી ખોટી રીતે મસમોટી લોન લીધી હતી. ગત તા. ૨૧/૧૧/૨૦૧૭ સુધીમાં ૧૧-૦૭ કરોડ વ્યાજ સાથેની લોન ભરવાની બાકી પડતી હતી. અલ્હાબાદ બેન્કના અધિકૃત અધિકારીએ કતારગામના મામલતદારને મોર્ગેજ મિલકતોનો કબજો લેવા માટે એક અરજી કરી હતી. જેના અનુસંધાને મામલતદારે દિન-૧૪માં મિલકતનો કબજો લેવા માટેની નોટિસો પણ કાઢી છે.

ગભરાઈ ગયેલા ફલેટ હોલ્ડરોએ સુરત જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર આપવાના ચકોગતિમાન કર્યા હતા.

કોઈપણ સ્થિતિમાં ઈશ્વરને ભૂલવા જોઈએ નહીં : નિરંકારી સંતની વાણી

સુરત

સુરત, દક્ષિણ ગુજરાત ની પ્રચાર યાત્રા સોળ દિવસીય દિલ્હી થી આવેલા નિરંકારી પ્રચારક શ્રી રાજકુમાર શેટ્ટી જી એ અંતિમ ચરણ આજે પાંડેસરા સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવન પર ઈશ્વર થી નાતો જોડી રાખવા પર બળ આપ્યો.

એમણે કહ્યું કે પરમાત્મા જ માનવ જીવન નો આધાર છે જે દરેક કઠણાઈ ને દૂર કરે છે. એટલા માટે કોઈ પણ પરિસ્થિતિ માં નિરંકાર પ્રભુ ને ન ભૂલીએ.

નિરંકારી પ્રચારક એ કહ્યું કે ઈશ્વર થી નાતો ત્યારે જોડાઈ છે જ્યારે આપણે સદ્ગુરુ થી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીએ છે. સદ્ગુરુ ના દ્વારા આપવામાં આવેલા બ્રહ્મજ્ઞાન થી અંધકાર માં ગ્રસ્ત માનવ મન પ્રકાશમય થઈ જાય છે, ભક્ત પ્રેમ થી પરિપૂર્ણ થઈ જાય છે, આત્મા ઝુમી ઉઠે છે. એમણે કહ્યું કે સદ્ગુરુ દ્વારા આપવામાં આવેલ બ્રહ્મજ્ઞાન ના આધાર પર આ આપણે ઈશ્વર ના નિતપ્રતિ ધ્યાન સુમિરણ કરીએ તો દરેક સમસ્યા થી મુક્તિ મળી શકે છે. એમણે કહ્યું કે નિરંકારી સદ્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ દરેક માનવ મન ને બ્રહ્મજ્ઞાન ની જ્યોત થી પ્રકાશમય કરી રહ્યા છે. આ સત્સંગ થી ઉપરાંત ઈન્દરપુરા ગોલવાડ અને વેડ રોડ પર સત્સંગ નું આયોજન કરવામાં આવ્યું જેમાં મુંબઈ થી આવેલા પ્રસિદ્ધ સાહિત્યકાર નિરંકારી પ્રચારક શ્રી કૈલાશ કુતે જી એ પણ સદ્ગુરુ નું મહત્વ બતાવ્યું અને કહ્યું કે માનવ જીવન નું કલ્યાણ બ્રહ્મજ્ઞાન થી છે, જે કફટ સાકાર સદ્ગુરુ થી જ સંભવ છે સંત નિરંકારી મિશન આજે દરેક માનવ ને આધ્યાત્મિક નક પ્રતિ જાગૃક કરી રહ્યા છે. ઉપરોક્ત સત્સંગ કાર્યક્રમ નું નેતૃત્વ સુરત ઝોન ના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓનકાર સિંહ જી કર્યું.

ચલથાણ ત્રણ રસ્તા પાસે ગટર ચેમ્બર ઉભરાતા ભારે ગંદકી

કડોદરા

કડોદરા નજીક ચલથાણના ત્રમ રસ્તા ઉપર આવેલ સરગમ કોમ્પ્લેક્ષની પાછળના ભાગે બનેલ આઠથી દસ બિલ્ડિંગોનું પાણી હાઈવેની ગટર મારફતે બહાર નીકળી કોમ્પ્લેક્ષના મુખ્ય દ્વાર પાસે જ ગંદા પાણીનો ભરાવો છતા પણ સંબંધિત વિભાગો દ્વારા કોઈ પગલાં ન લેવાતા સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ચલથાણ ત્રણ રસ્તા ઉપર સરગમ કોમ્પ્લેક્ષની પાછળના ભાગે બ્લોક નં.૧૬૨ વાળી જમીન જગ્યામાં બીન અધિકૃત રીતે બાંધકામ કરનારાઓ બિલ્ડરો દ્વારા ૫ થી ૬ માળની બિલ્ડિંગોનું બાંધકામ કરવામાં આવેલ છે. છતાં પણ સુડા કચેરીના અધિકારીઓ દ્વારા કોઈપણ જતના પગલાં ન લેવાયા હોય જેથી બિનઅધિકૃત બાંધકામ કરનારા બિલ્ડરોને પ્રોત્સાહન મળી રહેલ છે. આથી બિલ્ડરોએ સંબંધિત કચેરીઓના અધિકારીઓના મેળાપીપણામાં બિલ્ડરોએ ખિસ્સા ગરમ કરીને પોતાના બિલ્ડિંગોની ગટરની પાઈપ લાઈન બીન અધિકૃત રીતે હાઈવેની ગટરમાં જોડી દીધેલ છે. જેથી ગંદા પાણીનો યોગ્ય રીતે નિકાલ નહીં થતા ગટરનું ગંદુ પાણી હાઈવેની ગટર મારફત બહાર નીકળતા કોમ્પ્લેક્ષના મુખ્ય દ્વાર પાસે જ ગંદા પામીની રેલમછેલ થઈ ગયેલ છે. આ અંગે સંબંધિત કચેરીએ રજૂઆત છતાં પણ બિલ્ડરોની સામે કોઈ પગલાં ન લેવાતા સ્થાનિકોમાં રોષ પ્રગટ્યો છે.

પાણીનાં સંપમાંથી દારૂની પોટલીઓ મળતાં ચકચાર મચી

વડોદરા

વાઘોડિયા તાલુકાના ફલોડ ગામમાં પીવાના પાણીના સંપમાં દેશી દારૂ ભરેલી પોટલીઓ મળી આવતાં ગામમાં ચકચાર મચી જવા પામી છે. આ સંપમાંથી પીવાનું પાણી સમગ્ર ગામમાં પહોંચે છે. ફલોડ ગામના આશરે ૨૦૦૦ જેટલા લોકો પીવાના પાણીના સંપમાંથી પહોંચતા પાણીનો ઉપયોગ કરે છે.

ગ્રામજનોએ વાઘોડિયા પોલીસને જાણ કરી સંપમાં પડેલી દેશી દારૂની પોટલીઓ બતાવી હતી. આ સંપમાં દેશી દારૂની પોટલીઓ નાખવાનું કૃત્ય કેટલાંક અસામાજીક તત્ત્વો દ્વારા કરવામાં આવ્યું હોવાની પણ લોકમુખે ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. સંપમાં દેશી દારૂની પોટલીઓ મળી આવતાં ફલોડના ગ્રામજનોમાં આરોગ્ય બાબતે ભારે ભયનો માહોલ સર્જાવા પામ્યો છે.

અંકલેશ્વર વિસ્તારમાં થતી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી ભરૂચ એલ.સી.બી.





ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે જીલ્લામાં બનતા મીલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા માટેના માર્ગદર્શન તથા ઇન્ચાર્જ પો.ઇન્સ જે.એન.ઝાલા સાહેબની સુચનાથી પો.સ.ઇ. એ.એસ.ચૌહાણ તથા વાય-જી.ગઢવી તથા ભરૂચ એલ સી.બી.ની ટીમ અંક્લેશ્વર ગ્રામ્ય વિસ્તારમાં મીલ્કત સંબધી ગુના શોધી કાઢવા પેટ્રોલીગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે એક ઇસમ ને સજોદ ગામ પાસેથી પકડી લેવામા આવેલ છે સદર ઇસમની પુછપરછ કરતા આજથી બે મહીના પહેલા અંક્લેશ્વર રૂરલના સંજાલી ગામમા ઘરનુ લોક તોડી આશરે રોકડ રૂ. ૩,૦૦,૦૦૦/- તથા આશરે ૫૦,૦૦૦/- ના કિંમતના ઘરેણાની તથા એક મોબાઇલ ફોનની ચોરી કરેલ તેમજ રાજપીપળા ચોકડી પાસે ને.હ.નં ૪૮ ઉપર વર્ષા હોટેલની સામે આવેલ અંબીકા ઓટો પાર્ટ્સ ની દુકાનનુ શટર તોડી ચલણી સીક્કાઓ તેમજ ચાંદીના સીક્કાઓ ચોરી કરેલ છે જેથી સદર ચોરીઓની ખાત્રી કરતા સંજાલી ગામમા થયેલ ચોરીનો અંક્લેશ્વર રૂરલ પો.સ્ટે.ગુ.ર.નં. ! ૦૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ ઉપરાંત સદર આરોપી આ પહેલા કરજણ ખાતે ભંગાર ચોરીમા પકડાયેલ છે.

પકડાયેલ આરોપીઓ

અર્જુનભાઇ ઠાકોરભાઇ વસાવા ઉ.વ.૩૬ હાલ.રહે. મીઠા ફેક્ટરી પાછળ અંક્લેશ્વર જી.ભરુચ મુળ.રહે સાંઇબાબાનગર મંજીપુરા રોડ નડીયાદ તા.નડીયાદ જી.ખેડા આરોપીની એમ.ઓ-લોખંડ ના સળીયા વડે શટર તેમજ દરવાજાના નકુચા અને લોક તોડીને ચોરી કરવાની ટેવ વાળો છે.

જમ કરેલ મુદામાલ - (૧)ચાંદીના સાકળા જોડ-૨ જેની કિ.રૂ. ૪૦૦૦/- ગણી તેમજ (૨)ચાંદીના સીક્કા નંગ-૩ જેની કી.રૂ.૨૦૦૦/- ગણી તેમજ (૩)સેમસંગ કંપનીનો ગોલ્ડન કલર જેવ મોબાઇલ જેની કિ.રૂ.૨૦૦૦/- ગણી તેમજ (૪) એક વિવો કંપનીનો કાળા કલરનો વાયટ૧ મોબાઇલ જેની કિ.રૂ. ૫૦૦૦/- ગણી તેમજ (૫) માઇક્રોમેક્સ કંપનીનું કાળા કલરનુ ટેબલેટ જેની કી.રૂ. ૧૦૦૦/- ગણી તેમજ (૬) આઇટેલ કંપનીનો કીપેડ વાળો મોબાઇલ જેની કિ.રૂ. ૫૦૦/- ગણી તેમજ (૭)એમએલ કંપનીનો સફેદ કલરનો મોબાઇલ જેની કિ.રૂ.૫૦૦/- ગણી તેમજ (૮)ભારતીય બનાવટની ચલણી નોટો ગણી જોતા ૨૦૦૦ ના દરની ૧ તથા ૫૦૦ ના દરની ૬૦ તથા ૧૦૦ ના દરની ૫ તથા ૫૦ નાદરની ૨ તથા ૨૦ના દરની ૩ તથા ૧૦ ના દરની ૨૩ મળી કુલ રૂ. ૩૨,૮૯૦/- તેમજ (૯)એક, બે, પાંચ, અને દશના સિક્કા નગ ૧૬૮ મળી રોકડા રૂ. ૫૫૨/- તથા (૧૦)એક કાળા કલરની પલ્સર ૨૨૦ મો.સા. જેનો રજી નં. દૂ૦૭ ૦% ૬૦૩૨ જેની કિ.રૂ.૫૦,૦૦૦/- ની ગણી(૧૧) એક કાળા તથા ભુરા કલરનો થેલો કિ.રૂ. ૦૦/-ગણી લઇ કુલ્લે મુદ્દામાલ રૂ.૯૮,૪૪૨.

નર્મદાની પ્રેમ સંબંધમાં તરછોડાયેલી આદિવાસી યુવતીએ ફાસો ખાધો

સુરતના જય રાજેન્દ્રપ્રસાદ પાઠક નામના યુવાને દીકરીને મરવા મજબુર કરતા પિતાના ઘરેજ ફાસો ખાધો હોવાની ફરિયાદ

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના આમલેથા ખાતે રહેતા પિતાએ આપેલી ફરિયાદ મુજબ તેમની દિકરી સુરતની એક કોલેજમાં અભ્યાસ કરતી હોય ત્યાંજ અભ્યાસ કરતા જય રાજેન્દ્રપ્રસાદ પાઠક નામના યુવાને તેમની દીકરી સાથે પ્રેમ સંબંધ બાંધી તે આદિવાસી જાતિની હોવાથી તેણીને તરછોડી દઇ તેના મોબાઇલ ફોન ઉપર બિભત્સ મેસેજો કરી આત્મહત્યા કરવા માટે મજબુર કરતાં દીકરીએ પિતાના ઘરે આમલેથા ખાતે દુપટ્ટા વડે ફાંસો ખાઇ લેતા મોતને ભેટી હતી.પિતાની ફરિયાદના આધારે આમલેથા પોલીસે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ની કલમ સાથેનો ગુનો દાખલ કરી સુરતની કોલેજમાં અભ્યાસ કરતા જય પાઠકની તપાસ શરૂ કરી સાચી હકીકત મેળવવા ચક્રો ગતિમાન કાર્યછે. તપાસ એસ.જે. મોદી, નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી. એસ.ટી. સેલ નર્મદા કરે છે.

વરાછા અને ઉધનામાં જુગારની કલબ પર પીસીબીના દરોડા

ત્રણ સ્થળેથી પોલીસે ૨૭ જુગારીઓને પકડી પાડયા

સુરત

વરાછા અને પીસીબી સહિતની પોલીસે જુગારધારા અન્વયે ત્રણ સ્થળે દરોડા પાડી ૨૭ જુગારીની ધરપકડ કરી રોકડા રૂપિયા સહિત કુલ્લે રૂા. ૩.૫૧ લાખની મતા કબજે કરી હતી.

વરાછા પોલીસે વાળીનાથ સોસાયટી ખાતા નં. ૪૩, ચોથા માળે પતરાવાળી રૂમમાં દરોડા પાડયા હતા. જુગાર રમતા અનિલસિંગ, નરેન્દ્ર ઉર્ફે પ્રવીણ ચૌધરી, ધવલ દિનેશ, સોનેશ્વર બાળા, અજય ભીખા, જીગ્નેશ બારૈયા રાજેશ શિવદાસ, રાહુલ જયસ્વાલની ધરપકડ કરી હતી. પોલીસેડ રોકડા રૂા. ૨૫,૧૬૦ કબજે કર્યા હતા.

પીસીબી પોલીસે બીઆરસી પાસે વિજયાનગર સોસાયટી બાલુભાઈ માસ્તરના મકાનમાં દરોડા પાડયા હતા. જુગાર રમતા ટીટુ શાહુ, જગદશ ઉર્ફે પીન્ટુ, ટુકુના સ્વાંઈ, દેવેન્દ્ર કપાસ, સાગર મહેશ્વર, નારાયણ નિલકંઠ, રાકેશ શાહુ, રણજીત ગૌડા, દિલીપ રાઉત બલરામ દલાઈ, દિલીપ રમેશ, પ્રદીપ સુભાષની ધરપકડ કરી હતી. પીસીબી પોલીસે ૧૧ મોબાઈલ ફોન, પાંચ મોટર સાઈકલ, રોકડા મળી કુલ્લે રૂ). ૨,૫૩,૬૩૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પોલીસ કન્ટ્રોલ રૂમની ટીમે ભેસ્તાન વૃંદાવન ટાઉનશિપ મકાન નં. ૪૭૯ના પહેલાં માળે રૂમમાં જુગાર રમતા વિનાયક ઠક્કર, નિરજરાય સિંગ, ભાવેશ રાઠોડ, મિલનદવે, સાગર પાટીલ, જયમીન ઠક્કર, મહેશ ભામરેની ધરપકડ કરી છ મોબાઈલ ફોન, રોકડા મળી કુલ્લે રૂા. ૭૨,૭૩૦ની મતા કબજે કરી હતી.

સિનિયર સિટીઝન ક્લબ ગોરાટ દ્વારા શહીદ વીરોની શ્રદ્ધાંજલી

સિનિયર સિટીઝન ક્લબ ગોરાટ સુરતની માસિક મીટિંગ તા.૨૭-૨-૨૦૧૯ના રોજ મળી હતી. પ્રારંભે પુલવામા થયેલ ૪૦ શહીદોને બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ક્લબના પ્રમુખ ઈશ્વર સી. પટેલે આવકાર, મુકુંદભાઈ વૈદે પ્રાર્થના, જ્યોતિન્દ્રભાઈ તમાકુ વાલાએ મારા જીવનના હાસ્ય પ્રસંગો પર મનનીય વક્તવ્ય આપ્યું હતું. આ માસમાં આવતા સભ્યોનું ગીફ્ટ આપી બહુમાન થયું હતું. દક્ષાબેન ઈ.પટેલ અને હર્ષદભાઈ વશીએ પ્રાસંગિક વિધિ આટોપી હતી. કાર્યક્રમનું સંચાલન ભગુભાઈ પ્રે. સોલંકી અને નગીનભાઈ ડી. પટેલ કર્યું હતું. અંતે રાષ્ટ્રગીત ગાઈ સરકારે લીધેલ પગલાંને આવકારી અભિનંદન પાઠવી ભારત માતાની જય બોલાવી છૂટા પડ્યા હતા.

રાજપીપળાના નિવૃત વનકર્મીને સોશિયલ મીડિયામાં ચેટિંગ ભારે પડ્યું, લંડનની યુવતી ૧૧ લાખ રૂપિયા તફડાવી ગઈ

લંડનની એક યુવતીએ રાજપીપળા નિવૃત વનકર્મી સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી પેહલા મિત્રતા કેળવી, બાદમાં ઔષધીય વનસ્પતિના અભ્યાસ અર્થે રાજપીપળા આવવાનું જણાવ્યું, અને ભારતમાં આવ્યા બાદ અલગ અલગ કારણ દર્શાવી મધ્યસ્થ એક યુવાને નિવૃત વનકર્મી પાસે પૈસાની માંગ કરી



રાજપીપળા :આજકાલ સોશિયલ મીડિયાના માધ્યમથી ફોડ થતા હોવાના કિસ્સાઓમાં ખાસ્સો વધારો થયો છે.સોશિયલ મીડિયામાં ચેટિંગનો લાલબત્તી સમાન એક કિસ્સો રાજપીપળા માં બનવા પામ્યો છે. એક લંડનની યુવતીએ રાજપીપળાના નિવૃત વનકર્મી સાથે સોશિયલ મીડિયામાં મિત્રતા કેળવી ઔષધીય વનસ્પતિના અભ્યાસ અર્થે રાજપીપળા આવવાનું જણાવી અલગ અલગ કારણ દર્શાવી બન્ને વચ્ચે મધ્યસ્થ એક યુવાને પૈસાની માંગ કરતા વનકર્મીએ વારા-વારા ફરતી મધ્યસ્થ યુવાનના કહ્યા મુજબના એકાઉન્ટમાં ૧૧ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા . છેવટે પોતે આ કિસ્સામાં છેતરાયા હોવાનું જણાતા નિવૃત વન કર્મીએ રાજપીપળા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે.

રાજપીપળા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ રાજપીપળાના નિવૃત વનકર્મી યોગીરાજસિંહ રત્નસિંહ ગોહિલ સાથે લંડનની ડેનીયલ મોરીશે પ્રથમ ફેસબુક પર ચેટિંગ કરી મિત્રતા કેળવી વિશ્વાસમાં લીધા બાદ વોટ્સએપ પર અવારનવાર ચેટિંગ કરતી હતી.ડેનીયલ મોરીશે ઔષધીય વનસ્પતિના અભ્યાસ અર્થે ૨૦/૮/૨૦૧૮ ના રોજ રાજપીપળા આવવાનુ જણાવી બુક કરેલી ફ્લાઇટની ટીકીટનો ફોટો એમના વોટસએપ નંબર ઉપર મોકલ્યો હતો.બંસી વર્માએ નામના એક વ્યક્તિએ યોગીરાજસિંહને ફોન કરીને એમ જણાવ્યું હતું કે તમારા ગેસ્ટ ડેનીયલ મોરીશ દિલ્હી એરપોર્ટ પર છે સિક્યુરિટી કારણોસર બેસાડેલા છે.એમનું કાર્ડ ચાલતુ નથી તમે એમને ૮૯,૫૦૦ રૂપિયાની મદદ કરો.જેથી એમણે બંસી વર્માએ જણાવેલ યુનિયન બેંકના ખાતા નંબર ૬૨૬૭૦૨૦૧૦૦૦૬૬૬૬૦ માં એ રૂપિયા જમા કરાયા હતા.ફરી પાછો બંસી વર્માએ યોગીરાજસિંહને ફોન કરી જણાવ્યું કે ડેનીયલ મોરીશ પાસે દોઢ લાખ અમેરિકન ડોલર છે જેની ઇન્ડીયન કરંસી મુજબ એક કરોડ તેતાલીસ લાખ રૂપિયા રકમ થાય,એનો ટેક્ષ ૨.૨૫ લાખ રૂપિયા ભરવો પડશે એ તમને રીફન્ડ મળશે.હવે એની વાત પર પાકો ભરોસો અને વિશ્વાસ આવતા યોગીરાજસિંહે બંસી વર્માએ જણાવેલ એકાઉન્ટ નંબરમા એ રૂપિયા જમા કરાવ્યા હતા.ફરીથી બીજા ૮.૪૭ લાખ રૂપિયા જમા કરાવો એ પણ તમને રીફન્ડ મળશે એમ બંસી વર્માએ જણાવ્યું હતું.જેથી યોગીરાજસિંહે ૪.૨૩.૫૦૦ રૂપિયાના એસ.બી.આઈ. રાજપીપલા બ્રાન્ચના બે ચેકો આપી આર.ટી.જી.એસ દ્વારા ૮.૪૭ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી આપ્યા હતા.દોઢ લાખ ડોલર ડેનીયલ મોરીશને લઈ ન જવા દેવાય તમે તમારો એકાઉન્ટ નંબર આપો આ રૂપિયા ટ્રાન્સફર કરી દઉં એમ બંસી વર્માએ યોગીરાજસિંહને જણાવતા એમણે પોતાનો એકાઉન્ટ નંબર આપ્યો હતો.સમય જતાં પોતાના એકાઉન્ટમાં પૈસા ન આવતા બંસી વર્માએ યોગીરાજસિંહને એમ જણાવ્યું હતું કે ડેનિયલ મોરીશ લીગલ પ્રોસિજરથી કંટાળી ગયા છે તેઓના ફાધરનો ફોન આવતા તે રિટર્ન થઈ ગયા છે.આથી પોતે છેતરાયા હોવાનું માલુમ પડતા નિવૃત વનકર્મીએ એ બન્ને ઈસમો વિરુદ્ધ રાજપીપળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઇન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઇડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઇચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847
7575006848
7575006850
Whats-App Time 10 am to 5 pm

એસટીએમ ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે રૂા.૨૫.૨૦ લાખની છેતરપિંડી

દુકાનમાં નોકરી કરતા એકાઉન્ટન્ટ દ્વારા હિસાબમાં ગોલમાલ

સુરત

રિંગરોડ એસટીએમ માર્કેટના એક વેપારી સાથે તેના જ એકાઉન્ટન્ટે ચેકનો ખોટો ઉપયોગ કરી ૨૫.૨૦ લાખ ખાતામાંથી ઉપાડી લઈ મયુર સારીઝના વેપારી સાથે છેતરપિંડી કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉદયપુર રાજસ્થાનના વતની અને હાલમાં ઘોડદોડ રોડ રામચોક શ્રી દર્શન સોસાયટી ખાતે રહેતા મનોજભાઈ બંસીલાલ દોશીની રિંગરોડ, એસટીએમ માર્કેટમાં કસ્તુરી ફર્મ તથા મયુર સારીઝના નામની કાપડની દુકાનો આવેલી છે. માર્કેટની પી/૧૦૮૭માં આવેલી આ કાપડની દુકાનના માલિક મનોજ દોશીને ત્યાં હિસાબનીશ તરીકે પરવત-ગોડાદરા વૈકુંઠધામ સોસાયટીના ઓમપ્રકાશ પરીહાર નોકરી કરે છે. ગત તા.૧૮-૫-૨૦૧૮ થી તા.૧૦-૨-૨૦૧૯ સુધીમાં બંને દુકાનોના ચેક મેળવી ચેકમાં અલગ અલગ રકમ લખી દઈ કુલ ૨૫.૨૦ લાખ વાપરી નાંખી વેપારી સાથે છેતરપિંડી કરી ફરાર થઈ ગયો હતો. સલાબતપુરા પોલીસ મથકે વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૪૦૬, ૪૦૮, ૪૨૦ મુજબનો ગુનો નોંધ્યો હતો.

સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા ટુલ-ટેક પ્રદર્શન યોજાશે

સુરત

સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા ટુલ ટેક એક્ઝિબિશન કરવાની તૈયારી હાથ ધરી રહ્યું છે. જેને લઈને મંગળવારે સુરત ડાયમંડ એસોસિએશનની ઓફિસ ખાતે ૨૦ ઉદ્યોગકારોની મીટિંગ મળી હતી.

ડાયમંડ ક્ષેત્રે કટિંગ અને પોલીશિંગ માટે ૪પી, લેસર, પ્લાનર જેવી ઘણી મશીનો ઉપયોગમાં આવી રહી છે. સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ બાબુ ગુજરાતીના જણાવ્યાનુસાર ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં મશીનરીઓ ઝડપથી અપગ્રેડ થઈ રહી છે. હાલ ૪પી મશીનરી માટે ૨૫ ટકા સબસીડી ઉદ્યોગકારોને મળે છે. જ્યારે મહિલાઓ અને ગ્રામ્ય વિસ્તારના ઉદ્યોગકારોને ૪પી મશીનરી માટે ૩૫ ટકા સુધીની સબસીડી આપવામાં આવી રહી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઇટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ઘનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847